# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ–avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૧

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફલેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ભગવાનને સ્મરણમાં રાખો | બ્રહ્મચૈતન્ય મહારાજ | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| પ્રભુનો મંચ–પૂ.મા દર્શનાબેન, દર્શક સુશીલાબેન ભક્ત, | જ્યોત્સ્નાબેન ત્રિવેદી, સુશીલાબેન ભક્ત | ૧૨ |
| જન્મોત્સવ સાધના પર્વ બન્યો | નારાયણ હ. જાની | ૨૦ |
| પૂ.માના સાન્નિધ્યમાં– એક અભિનવ પારાયણ | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૨૭ |
| Hitesh's Faith in MAA,– proved a miracle | Hitesh Lad | 33 |
| શંકર બની પીધા કરો | દક્ષેશ કોન્ટ્રાક્ટર 'ચાતક' | ૩૯ |
| પૂ.માની સ્વીઝર્લેન્ડની યાત્રા | મા સર્વેશ્વરી | ૪૦ |
| ભગવાન રમણ મહર્ષિના સાનિધ્યમાં | અનુ : શ્રીયોગેશ્વરજી,પોલ બ્રન્ટન | ૪૭ |
| પ.પૂ.મહારાજ શ્રી રણછોડદાસજીના જીવનના પ્રેરક પ્રસંગો | સંક્ષેપ : પરમાર્થી દમયંતીબેન સેજપાલ | ૫૩ |
| અવતાર | સંતવાણી | ૫૯ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# ભગવાનને સ્મરણમાં રાખો

—બ્રહ્મચૈતન્ય મહારાજ

નારદે એક વાર શ્રી કૃષ્ણને પૂછ્યું કે "તમે ક્યાં મળો?" તો શ્રી કૃષ્ણ બોલ્યાં કે 'નારદ, હું વૈકુંઠમાં નથી હોતો, રખુમાઇ પાસે મળું એવું પણ નથી, પણ હું મારાં ભક્તો પાસે તો મળું.' અને નહીં તો પણ ભક્ત દેવ સિવાય રહી જ કેવી રીતે શકે? દેવમાં દેવપણ લાવનાર પણ કોણ? ભક્ત જો નહીં, તો દેવમાં દેવપણ આવે ક્યાંથી? દેવ છે એમ જે માને છે, તેને જ દેવનું અસ્તિત્વ ખબર પડે છે. નાસ્તિકને દેવ કેવા? તેને પૂછીએ કે 'આ જગતમાં તારું કોણ?' તો તે કહેશે કે, 'આ જે બધું કંઇ છે, મારા ભાઇ, બેન, બૈરા—છોકરા, સગાં—વહાલાં, તે જ પ્રમાણે સંસારમાં જે જે વસ્તુઓની જરૂર રહે છે, તે બધી મારી છે. પણ તો પછી દેવઘરનો રસ્તો શા માટે? જેણે જગત નિર્માણ કર્યું તેને ભૂલી જવાના અને તેણે જે ઉત્પન્ન કર્યું તેને મારું કહેવું, એ પરમાર્થ થયો કે? તો દેવ છે એવી ભાવના રાખીએ અને દેવ માટે દ્વાર ખોલી નાખીએ, તો સદા સર્વકાળ તે આપણી પાસે જ છે. ભાવનાથી દેવને આપણા બનાવવા જોઇએ. આપણે ગમે ત્યાં જઇએ ત્યાં આપણા રામને સાથે લઇને જઇએ. એટલે પછી આપણે કોઇ જાતની બીક નહીં. 'રામને સાથે લઇને જવાનું' લોકોને ચમત્કારીક લાગે, પણ જેને દેવ છે જ નહિ એમ લાગે છે, તેમની પ્રત્યે આપણું કંઇ જ કર્તવ્ય નથી.

જેને દેવનો છંદ લાગ્યો તેનો સંસાર બગડ્યો, એમ કેટલાક કહે છે. પણ જેણે સંસાર નિર્માણ કર્યો તેને ભૂલી જઇએ તો



સંસાર સારો બને ખરો કે? એ કદી પણ શક્ય નથી. તો તેમનું સ્મરણ રાખીને સંસાર કરીએ તો જ તે સરળ અને સ્વચ્છ બને. સંસાર છોડીને પરમાર્થ થનાર નથી. સંસાર કરીએ, પણ તેની આસક્તિ છોડીએ, એટલે થયું. જડભરતની વાત તો આપણે બધાં જાણીએ જ છીએ. ભરત (રાજા) જ્યારે ઘરબાર બધું છોડીને વનમાં ગયાં, તો ત્યાં હરણની આસક્તિ લાગી જ! તો હરણ શું કે માણસ શું, આસક્તિની દૃષ્ટિએ બંને સરખાં જ. જ્યાં સુધી આસક્તિ છૂટી નથી, ત્યાં લગી પરમાર્થ થવાનું વ્યર્થ. તો આસક્તિ છોડવાનો પ્રયત્ન કરીએ, અને મારા રામ સદા સર્વકાળ મારી આગળ પાછળ છે એવી ભાવના રાખીએ. એક જણે પૂછ્યું કે, 'તમે બધાને માનસ—પૂજા કરવાનું કહો છો, તો એક જ રામ, તે બધાની પાસે કેવી રીતે જવાના?' મેં તેને કહ્યું કે 'તું માનસ પૂજા કર એટલે તે તારી પાસે રહેશે. તે જો સર્વ ઠેકાણે વ્યાપીને રહેલાં છે, તો તેને જવા—આવવાપણું નહીં જ! આપણે માત્ર તેમને જોવાની જરૂર છે. ભગવાનનું નામસ્મરણ એ ઉમરા પરનો દીવો છે તેનાથી ભગવાન અને સંસાર બંને બાજુ પ્રકાશ પડે છે.

## ભગવાન વગર ન ચાલે.

દરેક માણસને આપણે સુખી થવું જોઇએ, ભગવાનની કૃપા આપણા પર હોવી જોઇએ, નામનો પ્રેમ આપણને લાગવો જોઇએ એવું લાગે છે. પણ આપણને એ અનુભવ કેમ નથી આવતો વારું? આ દુનિયામાં જોઇએ તો કોઇ માણસ સુખી છે, સમાધાની છે, એમ કાં નથી દેખાતું? આમ બનવાનું કારણ શું? આપણને લાગે છે કે, આપણે બધાં સદાચારી જીવન જીવીએ

છીએ. ભગવાનનું ભજન પૂજન કરીએ છીએ. પણ તો એ સમાધાન આપણને મળતું કેમ નથી? એ સમાધાન નહીં મળવાનું ખરું કારણ જો કોઇ હોય, તો તે એ કે હજુ આપણને એવું નથી લાગતું કે ભગવાન વગર નહીં ચાલે. ભગવાન નહીં હોય તો મારું ચાલનાર નથી, મારા સમાધાનને માટે તેમની અત્યંત જરૂર છે, એવું ખરા મનપૂર્વક આપણને લાગતું જ નથી. સંસારમાં પૈસા ટકા જોઇએ, બૈરાં—છોકરાં જોઇએ, ખેતીવાડી, નોકરીધંધા, બીજા વૈભવ એ બધું જોઇએ. અને તેની સાથે સાથે ભગવાન પણ જોઇએ એમ આપણને લાગે છે. સંસારની સ્થિતિ ગમે તેવી હોય, પણ મારે ભગવાન તો જોઇએ જ એવું આપણે ઉત્કટપણે મનપૂર્વક લાગતું નથી. આજે સંસારમાંથી સમાધાન મળશે એ આશાએ આપણે સંસાર કરી રહ્યાં છીએ, પણ આટઆટલો સંસાર કરીને પણ આપણે કેટલું સમાધાન મળ્યું એનો વિચાર કરીએ. ખૂબ દૂર, એક ડુંગર પર જઇને બેસીએ અને નાનપણથી માંડીને આજ સુધીમાં કેટકેટલી ખટપટ કરી, તેમાંથી સમાધાન કેટલું મળ્યું એનું સરવૈયું કાઢીએ, અને સંસારમાંથી કેટલું સુખ મળ્યું એ નક્કી કરીએ. આજ આટલાં વર્ષોથી સંસાર કરવા છતાં પણ તે આપણે સુખદાયક બન્યો નથી. એ અનુભવવા છતાં પણ તે છોડીએ એમ આપણને લાગતું નથી. સંસારમાંથી આપણે સુખ મળશે એ આપણી કલ્પના જ નીકળી જવી જોઇએ. સંસાર આપણને શાશ્વત સમાધાન આપી શકનાર નથી એમ એક વાર નિશ્ચય થઇ ગયો, અને એ નિશ્ચય દૃઢ થઇ ગયો કે પછી ભગવાનની જરૂર લાગવા માંડવાની, અને પછી તેમની પ્રાપ્તિ માટે જે પ્રયત્ન કરીશું તેની આડે જગત, પરિસ્થિતિ વગેરે કંઇ



પણ આડે આવી શકનાર નથી. ભગવાન તો મારે જોઇએ જ એ વિચારપૂર્વક ઠરાવ્યા બાદ, તેમનો પ્રેમ આપણને લાગવો જોઇએ એમ લાગવા માંડશે અને તેની જ તો આજે આપણને ખરેખરી જરૂર છે. તો એ ભગવાનનો પ્રેમ કંઇ રીતે આવે? એ પ્રેમ આવે એ માટે એકંદરે ત્રણ માર્ગો છે. પહેલો માર્ગ તે સંતની સંગતિ, બીજો સદ્વિચારોની ઉપાસના અને ત્રીજો અખંડ નામસ્મરણ. એ પૈકી જેને જે અનુકૂળ આવે તે કરે.

જીવનની ઉત્તમ અવસ્થા એ છે કે આપણે એટલા બધા શ્રીમંત ન થવું કે કોઇ આપણી અદેખાઇ કરે કે એટલા ગરીબ પણ ન થવું કે કોઇ આપણને ઉતારી પાડે, ધિક્કારે કે કોઇ આપણી દયા ખાય.

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૩૫ સપ્ટેમ્બર—૨૦૧૩ અંક ૧૨

## શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**સ્થળ:—મુઝફરનગરથી હરિદ્વાર થઈ ઋષિકેશ**

**શુક્રવાર તા.૨૫/૫/૮૨**

સવારે મુઝફરનગરના રેસ્ટ હાઉસમાંથી હરિદ્વાર જવા નીકળ્યા. માર્ગમાં થોડી મોટર બગડી એટલે એમાં એક કલાક નીકળી ગયો.

સવારે પૂ. શ્રી ઉઠીને સ્નાન કરી લે છે. પછી નિયમિત વ્યાયામ કરી લેખનકાર્ય માટે બેસી જાય છે. લેખનકાર્ય પૂર્ણ કરી જ્યારે ગાડીમાં બેસવા બહાર આવે છે ત્યારે શ્રી હીરાભાઈ વગેરે ચા પીવા ગયા હોય છે.

તેઓ પાંચદશ મિનિટમાં આવી જાય છે. પૂ. શ્રી કહે અમે પ્રભુની શોધમાં ને તમે સવારના પ્રહરમાં ચાની શોધમાં. બન્નેમાં કેટલો બધો ફેર? વ્યસન પછી તે નાનું કે મોટું પણ બંધન કેટલું?

વાતો કરતાં શ્રી હીરાભાઈએ કહ્યું તમારામાં ને અમારામાં એટલો જ ફેર ને!

પૂ. શ્રી : કરોડોમાંથી કોઈક જ એ માર્ગે જાય અને એવા



પ્રભુમાર્ગે જનારા એકને જ તમારી સાથે રાખો તો ઘણી આફતોમાંથી ઉગરી જવાય.

જુઓ, આ ભગવાનનામ ચાલ્યા જ કરે. (એમ કહી પોતે જે માળા કરતા હતા તે હાથ બતાવ્યો) એનું આ પરિણામ. અમારે કંઈ ડોલરોની કમાણી નથી છતાં કમાણી કરનારા પગે પડે.

શ્રી હીરાભાઈ : પ્રભુ આજે ક્યાં વિશ્રામ કરીશું?

પૂ. શ્રી : બધુ જગદંબા પર છોડી દો. ગઈ કાલે બપોરે તમે હરિદ્વાર જ પહોંચવું છે. એમ કહ્યા કરતા હતા. પહેલાં જગદંબાએ જણાવેલું કે મુઝફરનગરમાં જ રહેવાનું છે, એટલે હરિદ્વાર પહોંચવાની વાતને હું મહત્ત્વ આપતો ન હતો.

ને જગદંબાએ મોટર બગડી, પરિણામે મુઝફરનગર જ રાત રહેવાનું કર્યું.

જગદંબા જે કરશે તેમાં વિશ્વાસ રાખો. ને તે બધી જ તમારી ચિંતા કરે છે. તે જ બધી ગોઠવણ કરશે.

રૂડકીથી હરિદ્વાર આવી ગયા. ત્યારે સવારે ૯—૩૦ થયા હતા. પૂ. શ્રીએ હરિદ્વારમાં પ્રવેશતાં જ તરત નિર્ણય લીધો કે આપણે પ્રથમ કનખલ જોઈ આવીએ ને ગાડી કનખલના માર્ગે વળી.

ત્યાં જ ઓચિંતી વડોદરાની મંડળી મળી ગઈ. વાતો થઈ. તે સૌ વિદાય થયા.

દક્ષ પ્રજાપતિ મંદિર જોવા ગયા. પાર્વતી માતાએ અહીં પોતાનું શરીર શાંત કરેલું.

ત્યાંથી આવી આર્યનિવાસમાં ભોજન લીધું. ભોજનબાદ પૂ. શ્રી એ જ માર્ગમાં આગળ લઈ ગયા. જ્યાં રમાભવન નામનું મકાન છે. ત્યાં પૂ. શ્રી સૌ પ્રથમવાર હિમાલય આવ્યા ત્યારે ત્યાં ઉતર્યા હતા.

તે સ્થાન જોયા પછી હરિદ્વારના થોડા નવાં મંદિરો જોવા ગયા.

પૂ. શ્રીને તે નવા મંદિરો પૈકી પાવનધામ મંદિર જોવા માટે પૂછ્યું તો પૂજ્ય શ્રીએ કહ્યું—અમે પાવનધામમાં જ બેઠા છીએ. પછી એવા બાંધેલા મૂર્તિવાળા પાવનધામને જોવાની ઈચ્છા જ થતી નથી. તમે બધાં જોઈ આવો.

પૂ. શ્રી પોતાની ઈચ્છા હોય તો જ કોઈ એકાદ મંદિરમાં જાય, પણ અહીં તો કોઈ જ મંદિરમાં પૂ. શ્રી ન ગયા.

સાંજ પડી ગઈ. પૂ. શ્રીનું લેખનકાર્ય બાકી હતું. પાંચ વાગ્યે એક વૃક્ષની છાયામાં પૂ. શ્રીએ લેખન શરૂ કર્યું.

છ વાગ્યે હરકી પેડીના સ્થાનમાં આવવા નીકળ્યા. ગાડીમાંથી ઉતરી થોડું બજારમાં ફર્યા. દૂધ પીવા માટે રસમલાઈ વગેરે પૂ. શ્રીએ લીધું.

૭—૪૦ મિનિટે ગંગાજીની આરતી જોવા સૌ રોકાયા. પૂ. શ્રીએ દરમ્યાન મોટર પાસે ગયા. આરતી બાદ ઋષિકેશ આવવા નીકળવું થયું. ૯ વાગ્યે ઋષિકેશ આવી ગયા.

ઈન્દ્રલોક નામની નવી હોટલમાં પૂ. શ્રીનો ઉતારો ૧૧૯ નંબરમાં થયો. એક ઓરડાના એક દિવસના ૪૫ રૂ. થયા.

રાત્રે ઋષિકેશમાં એ સ્થાનમાં ઉતર્યા પછી ગાડીમાં ગંગાજી



ગયા. ત્યાંથી આવતાં દૂધ પીધું. દૂધ પી ઉતારા ઉપર આવી ગયા.

સાથે આવનાર મંડળીના ૧૧ ભાઈબેનો હરિદ્વાર જ રોકાયા. તેઓને સવારે મળવાનું કહ્યું.

આજે આખો દિવસ આરામ મળ્યો ન હતો. જેથી હવે આરામ જ બાકી રહ્યો.

પૂ. શ્રીની વાણી આજે સાચી પડી. કનખલમાં સૌ મળશે તે સત્ય વચન હતું.

**સ્થળઃ—ઈન્દ્રલોક હોટલ, ઋષિકેશ**

**શનિવાર તા.૨૯/૫/૮૨ જેઠ સુદ સાતમ**

સવારે નવ વાગ્યે ગંગાજી જવા નીકળ્યા, તે પહેલાં દૂધ પીવાનું બન્યું. આજે પૂ. શ્રી સાથે સ્વામિ આત્માનંદના સ્થાનમાં આત્મનિકેતનમાં ગયા, ત્યાં કૃષ્ણાનંદ હતા. પૂ. શ્રીને મળી તેમને ખૂબ આનંદ થયો. થોડી વાતો થઈ. પૂ. શ્રીએ માયાકુંડ, દેવકીબાઈની ધર્મશાળા, ભરતમંદિર વગેરે તરફ થઈ સૌને સત્સંગ કરાવતા કરાવતા આનંદ કરાવ્યો.

દેવકીબાઈની ધર્મશાળામાં આજે ભોજન લીધું. ખીચડી, ભાખરી, શાક.

પૂ. શ્રી અહીં ૧૯૪૨ થી ૧૯૪૩ એક વર્ષ રહ્યા હતા. **પ્રકાશના પંથે**નું પ્રસિદ્ધ પાત્ર લક્ષ્મીબાઈ પણ અહીં જ રહેતાં હતાં.

ભરતમંદિરની ધર્મશાળામાં પૂ. શ્રી રહ્યા. ૪૦ દિવસના ઉપવાસો થયા. ત્યાં પરમાર્થદેવી રહેતાં તે પણ હજી

ભરતમંદિરમાં જ રહે છે.

ભોજન પહેલાં પૂ. શ્રીએ જૂના સ્મરણો યાદ કર્યાં.

ભોજનબાદ રીક્ષામાં ઇન્દ્રલોક આવી ગયા. આરામ.

છ વાગ્યે ફરી ગંગાજી ગયાં. ઋષિકેશમાં લલિતાપ્રસાદજીના ભાઈને મળવાનું બન્યું.

આજે કૃષ્ણાનંદ અને પરમાર્થદેવીને પૂ. શ્રીએ ૨૫, ૨૫ રૂા. મદદરૂપે આપ્યા.

ગંગાજી ઉપર થોડી વાર બેઠા. સત્સંગની થોડી વાતો થઈ. સમય થતાં પૂ. શ્રીએ સૌને કહ્યું કે હું હવે છેક કિનારા ઉપર પ્રાર્થના માટે જાઉં છું. તમે પણ તમારી રીતે જે કરવું હોય તે કરો.

પૂ. શ્રી પ્રાર્થના માટે ઉઠ્યા. સૌ બેઠેલા જ રહ્યા. સર્વેશ્વરી પણ દૂર જઈને ગંગાજીને છેક કિનારે બેઠાં. ૦ાા કલાકની પ્રાર્થના બાદ પૂ. શ્રી ફરી ત્યાં જ આવી ગયા. અંધારૂ થતાં જ પૂ. શ્રીએ સ્નાન કર્યું. સ્નાન કરવા ઉઠ્યા એટલે સર્વેશ્વરીએ ગુરુબાવની શરૂ કરી. સૌએ સુર પુરાવ્યો.

સ્તુતિ પૂરી થતાં જ પૂ. શ્રી સમયસર જાણે આવી ગયા એટલે બોલ્યા :

માંગો, માંગો.

સર્વેશ્વરી : શ્રદ્ધા આપો, ભક્તિ આપો.

પૂ. શ્રી : તથાસ્તુ. જુઓ સ્તુતિ કરતાં જ દેવ હાજર થઈ ગયા. સૌની તપશ્ચર્યા સારી ગણાય. ચણા, શીંગદાણા ને કેરીનો સૌએ સાથે બેસી નાસ્તો કર્યો. થોડી સત્સંગની વાતો થઈ.

(ક્રમશઃ)



# પ્રભુનો મંચ—પૂ.મા

## મા જ પ્રભુનું પ્રકટ સ્વરૂપ

—જ્યોત્સ્નાબેન ત્રિવેદી

પવિત્ર માગશર માસ છે. મા ભાગીરથીનો અંક, પૂ. શ્રીની તપોભૂમિનો તટપ્રદેશ છે. ''અધ્યાત્મનો અનસ્ત સૂર્ય'' ગ્રંથના પારાયણની પૂર્ણાહૂતિ છે. ત્યાં શ્રી શ્રી મા જાહેદ્ધ કરે છે : **''પૂ. શ્રીના મહાપ્રયાણનું પ્રકરણ નથી વાંચવાનું. મા સર્વેશ્વરીના જીવનમાં તે પ્રગટ થઈ ચૂક્યા છે.''**

હાથ કંકણને અરીસો કેવો! એવી આ તદ્દન સાવ સાચી સત્યોક્તિ. પ્રાર્થનાથી જ પ્રભુની પ્રાપ્તિ પૂ. શ્રીની જેમ જ ન કોઈ બાહ્ય માર્ગદર્શન, ન કોઈ ઉપકરણ, ન કોઈ ઉપચાર, અંતરમાં વસેલો શ્રી હરિ જ કર્તા હર્તા ને સમાહર્તા. વ્રત ઉપવાસોનો નખશીખ પ્રામાણિક સુદીર્ઘ ઇતિહાસ, અનુભૂતિઓનાં અમૃતની પ્રામાણિક નોંધ, સહજતા, સરળતા, નિખાલસતા, સૂર્ય જેવી નિયમિતતા. શ્રી હરિની શબ્દયાત્રાનું નિયમિત લેખન, સ્વચ્છતા, સાદાઈ, કરુણા, પ્રાણીમાત્ર પર પ્રેમ, સમગ્ર પરિવાર પર કૃપાવર્ષા, જાણે દરેક ક્રિયા—પ્રક્રિયા જીવંત પૂ. શ્રી જ. સંત સંનિધિ માત્ર અનુભવી નહીં, જીવી બતાવી.

આકાશ જેવું છત્ર અને ધરતી જેવી ગોદ. યોગેશ્વર પરિવારનું ઠરવાનું ઠામ. પૂ. શ્રીની સાધક જીવન માટેની સ્વપ્ન સંકલ્પનાના મૂર્તસ્વરૂપ સ્વર્ગારોહણનું સર્જન. સરસ્વતીવંદના માટે સરસ્વતી શિશુમંદિર મસૂરીનું પાલન, પોષણ, સંવર્ધન, જીવતા દેવની સેવાનો આત્મસાક્ષાત્કારની સાથે આચરણમાં મૂકેલો સિદ્ધાંત. પૂ. શ્રીને અભિપ્રેત એવા ધુમાડા વગરના યજ્ઞો. નમ્રતા, અહંકાર

શૂન્યતા, સર્વત્ર કર્તાપણાનો અભાવ, જાણે આંખ મીંચીને માનવા પ્રેરે કે **મા મા ને મા જ પ્રભુનું પ્રકટ સ્વરૂપ.**

## પૂ. યોગેશ્વરજીના સાધના યજ્ઞની પરમ જ્યોત—મા સર્વેશ્વરી

**—અજ્ઞાતબેન**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥

પૂ. શ્રી પ્રભુની સિદ્ધિઓ અગણિત, અમાપ અને વિરાટ છે. અધ્યાત્મ જગે નવાં શિખરો સર કરી અનેરા વિકાસનો ઈતિહાસ સર્જ્યો છે. અષ્ટસિદ્ધિઓ અને નવનિધિઓ સહિત એક નવીન સંકલ્પસિદ્ધિને પણ વર્યા. સકલ બ્રહ્માંડમાંથી કોઈપણ જીવને સંકલ્પ માત્રથી પોતાની પાસે હાજર કરી શકતા અને તેમની સાથે વાતચીત કરી શકતા, તેમની સર્વોચ્ચ પરમસિદ્ધિ તો આ બ્રહ્માંડનું સંચાલન કરનાર પરમશક્તિ સાથેનું ૨૪ કલાકનું અનુસંધાન! અલબત્ત, આ કાર્યની સિદ્ધિ માટે તેમણે લાજવાબ, બેમિસાલ અજોડ સાધના કરી. પ્રકાશના પંથેના ગ્રંથમાં આ અનુપમ સાધનાનો ઈતિહાસ પથરાયેલો પડ્યો છે. પૂ. શ્રીના આ સાધનાયજ્ઞમાંથી મા સર્વેશ્વરીરૂપે જ્યોત પ્રગટી છે.

પૂ. શ્રી મા પણ બેનમૂન સાધના કરીને પોતે સ્વયં પરમશક્તિના પદે પ્રતિષ્ઠિત થયાં છે. પૂ. શ્રી માએ પણ સાધનાનો સવાયો 'પ્રકાશપંથ'નો ઈતિહાસ રચ્યો છે. અન્ન, જળ અને ઊંઘ ઉપર વિજય પ્રાપ્ત કરીને જીવનને જ વિજયોત્સવના પર્યાયરૂપ બનાવી દીધું છે. પૂ. માનો અપૂર્વ ત્યાગ, અજોડ તપ અને સંપૂર્ણ સમર્પણ ખરેખર બેમિસાલ છે. અધ્યાત્મ જગતના તપસ્વીઓ, ત્યાગીઓ અને શરણાગતો વચ્ચે મૂઠી ઊંચેરું સ્થાન પ્રાપ્ત કર્યું છે. પૂ. શ્રી માએ પોતાનો પરિચય પોતાની સાધના



દ્વારા આપી દીધો છે. અદ્‌ભુત સાધના દ્વારા પૂ. શ્રી માએ શ્રી યોગેશ્વર પ્રભુને જગમંચ પર વધુ ગૌરવાન્વિત કર્યા છે.

પૂ. શ્રીએ ગાંધીનિવાસ સોસાયટી મસૂરીથી પ્રગટાવેલી સેવાની જ્યોતને વધુ ને વધુ ઝળહળતી કરી છે. પૂ. શ્રીની ભૌતિક વિદાય પછી પૂ. શ્રી જાણે પૂ. શ્રી મામાં પ્રગટ થયા છે. પૂ. શ્રીમાં શ્રદ્ધા—ભક્તિ રાખતા બધા ભક્તોને પૂ. શ્રી માએ સંભાળ્યા છે, સાચવ્યા છે અને અધ્યાત્મપંથે દોર્યા છે. પૂ. શ્રીની પાવન સ્મૃતિમાં મસૂરીમાં શરૂ થયેલી શ્રી યોગેશ્વર સરસ્વતી શિશુમંદિરના વિકાસ માટે પૂ. શ્રી મા યોગદાન આપતા રહ્યાં છે. આજે તો સરસ્વતી શિશુમંદિરની શાખાઓ વધતી રહી છે. આર્થિક રીતે સાધારણ અને મધ્યમવર્ગના બાળકો તેમાં અભ્યાસ કરી રહ્યા છે.

પૂ. શ્રી મા—પ્રભુની સેવાપ્રવૃત્તિનો વ્યાપ વધારતાં જ રહ્યાં છે. કચ્છના ધરતીકંપ વખતે પણ પૂ. શ્રી માએ નવ ગામમાં ૯ નવી પ્રાથમિક શાળાઓ બંધાવી આપી છે. વળી અંબાજી આસપાસના આદિવાસી ગરીબ પરિવારોને પૂ. શ્રી મા અન્ન અને વસ્ત્રની સહાય કરતાં રહ્યાં છે. સમગ્ર દાંતા તાલુકાની શાળાઓના બાળકોને ગરમ વસ્ત્રો અને દફતર કીટનું વિતરણ કરતાં રહ્યાં છે. એટલું જ નહિ, પરંતુ દરેક શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરી તેમને સ્કોલરશીપ આપતા રહ્યાં છે. વળી સાધારણ સ્થિતિના લોકો માટે મેડીકલ કેમ્પનું આયોજન ઉપરાંત વિકલાંગ વ્યક્તિઓ માટે જયપુર ફૂટ સંસ્થાના કેમ્પો પણ યોજ્યા છે. આ રીતે પૂ. શ્રી મા પૂ. શ્રી પ્રભુની સેવા પ્રવૃત્તિનો વ્યાપ વધારતાં રહ્યાં છે.

અધ્યાત્મ ક્ષેત્રે પૂ. શ્રી માએ એવી ઉડાન ભરી છે કે જાણે

સાધના ક્ષેત્રે 'પ્રકાશના પંથે'ની નવી આવૃત્તિ પ્રગટ થઈ રહી છે. પૂ. શ્રી પ્રભુના શ્રી ચરણોમાં ભૂખ, તરસ અને ઊંઘ સમર્પિત કર્યા પછી ૧૯૯૫ થી મૌનવ્રત લઈને વાણી પણ પ્રભુના ચરણે ધરી દીધી છે. ૧૫ કરોડ જપનું મહાવ્રત પણ પૂ. શ્રીના ચરણે અર્પણ કર્યું છે. પૂ. શ્રી માએ શરણાગતભાવને પ્રગટ કરતાં લાખો પ્રણામોનું મહાવ્રત પણ પ્રભુના ચરણે ધરીને એ શ્રી ચરણોની પૂજા કરી છે. આ બધાં જ વ્રતો આજે ૭૦ વર્ષની ઉંમરે પણ એટલા જ ઉગ્રપણે ચાલુ છે.

સર્વક્ષેત્રે સવાયા સાબિત થઈને પૂ. શ્રી મા પૂ. શ્રીનું આત્મગૌરવ વધારી રહ્યાં છે. પૂ. શ્રીના સ્વરૂપમાં **'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય'** આજે પણ એવો જ ઝળહળી રહ્યો છે.

## પૂ. શ્રી અને પૂ. માની એકતા

**–દર્શનાબહેન**

પૂ. શ્રીએ મને એકવાર કહેલું (તા. ૬–૩–૧૯૮૪) : "જુઓ ધોતિયું કે પિતાંબર પહેરીને આવે તો યોગેશ્વર અને સાડલો પહેરીને આવે તો યોગેશ્વરી એટલે કે યોગેશ્વર અને યોગેશ્વરી એક જ."

પૂ. શ્રીએ જીવનભર જે સાધના કરી તેના ફળ સ્વરૂપ પૂ. માનું પ્રાગટ્ય થયું તો હવે આજે પૂ. મા પોતાના શ્રીવિગ્રહમાં ગુરુદેવ ભગવંત શ્રી હરિને પ્રગટાવી ચૂક્યાં છે. પૂ. શ્રીની વિદાય પછી સમર્પણ કરતાં કરતાં પૂર્ણ સમર્પણ કરી પૂ. માએ પોતાનામાં શ્રી હરિને પૂરેપૂરા પ્રગટાવ્યા છે. પૂ. મા કહે છે 'જાણે એનું એક કાયમી ઘર આ માનો દેહ છે. એનું કાયમી સરનામુ જાણે આ માનું જીવન, ક્યાંયે કદી મા એકલાં નથી. મૌનવ્રતી પણ તે જ છે. મંત્રયાત્રી પણ તે જ છે. તે જ આ પૃષ્ઠો



ઉપર કલમ બની વિલસી રહ્યા છે.

પૂ. મા સાધના સાથે સાથે પૂ. શ્રીએ આરંભેલા બધાં જ કાર્યો પૂ. મા પૂ. શ્રી બનીને જ પૂરા કરી રહ્યાં છે. દા.ત. ભક્તોના આત્મકલ્યાણ સહિત તન, મન, ધન જીવનની રક્ષાનું કાર્ય.

| **પૂ. શ્રી** | **પૂ. મા** |
|---|---|
| ૧. મસૂરીની સ્કૂલની સ્થાપના | ૧. સ્કૂલના વિકાસની વ્યવસ્થા |
| ૨. સર્વમંગલની સ્થાપના | ૨. ટ્રસ્ટને સંભાળવાનું કાર્ય |
| ૩. સ્વર્ગારોહણ પ્રભુની સંકલ્પ સૃષ્ટિ | ૩. સંકલ્પ સૃષ્ટિને સાકાર રૂપ આપવાનું કાર્ય |

### દિવ્ય અનુભૂતિઓ

| **પૂ. શ્રી** | **પૂ. મા** |
|---|---|
| ૧. આત્મ જ્યોતિનું દર્શન | ૧. પૂ. શ્રીના નેત્રોમાં આત્મજયોતિનું દર્શન |
| ૨. આકાશગમનનો અનુભવ આકાશમાં ગોળ ગોળ ફરતું | ૨. પદ્માસનમાં આખું શરીરનું ઊંચે ઊઠવું |
| ૩. ગંગાજીની આરતી સંભળાતી સ્ત્રી–પુરુષો વાંજિત્રો સાથે ગાતા હતા | ૩. ગંગાજીની આરતીનું શ્રવણ–હરિદ્વારમાં |
| ૪. ૐ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયોયોનઃ મંત્રનું શ્રવણ | ૪. ૐ વૈષ્ણવ્યૈ નમઃ મંત્રની પ્રાપ્તિ નવરાત્રિમાં–કપૂરા |
| ૫. તીર્થ દેવતાની પ્રેરણાથી યોગદત્તા પૂ. શ્રીનું ફૂલહારથી સ્વાગત | ૫. "સપ્તશૃંગી ઉપર છે તે જ આ નીચે છે" કહેનાર વૃદ્ધા |
| ૬. જગદંબાનું સતત દર્શન મેળવીને પણ શાંત, સ્થિર, ગંભીર સિદ્ધિને પચાવી જાણી. | ૬. પૂ. માને સતત પૂ. શ્રીનું સાન્નિધ્ય છતાં પૂ.મા પણ એ દિવ્ય ખજાનાને સાચવીને પચાવી ગયાં છે. |

આ પ્રમાણે પૂ. માના જીવનની દિવ્ય અનુભૂતિઓ પૂ. શ્રીના જીવનની દિવ્ય અનુભૂતિને સમાંતરે જાય છે. જે પણ પૂ. શ્રી મા અને પૂ. શ્રીની એકતાનું સૂચક છે.

## શું સાચું? પૂ.મા પ્રભુમય કે પ્રભુ પૂ. મામય.

**—દર્શક સુશીલાબેન ભક્ત**

તેજસ્વી પ્રાણવાન પથદર્શક પ્રભુનું દર્શન કેવું? સુરતથી પૂ. માએ એક પોસ્ટકાર્ડ લખ્યું કે અહીં એક મહાત્મા પધાર્યા છે, તેમને સાંભળવા માટે અનુકૂળતાએ આવજો.

એક શનિ—રવિ સુરત જઇ મહાત્માજીને સાંભળ્યા, નિરખ્યા, વ્યક્તિગત રીતે દર્શન કર્યા, પરિચય કરાવ્યો. પુસ્તકો લીધાં, દૈનિક પ્રાર્થના માટેની નાની નાની ભાષાન્તરિત પુસ્તિકાઓ ગમી ગઇ. પ્રવચન તો કેવું? હૃદયસ્પર્શી, વાણી તો વિદ્વત્તાસભર, સરળ ગુજરાતી ભાષા, ન કોઇ આડંબર ન કોઇ ચમકદમક, સાદગીભર્યો ખાદીનો શ્વેતવેશ. માત્ર સાદાઇથી શોભતું વ્યક્તિત્ત્વ. તેજસ્વી પવિત્રતાની મૂર્તિ, વિદ્વત્તા ભરેલી વાણીનો સતત વહેતો પ્રવાહ. જાણે કે હિમાલયની શ્વેત ઝરણી, તો વળી રસિક મંદ હાસ્ય રેલાવતું સાફસુથરું મુખારવિંદ.

અહીં કોઇ નથી લાંબા વાળ કે જટા કે નથી દાઢી પર વાળનાં ગૂંચળાં, નથી કોઇ ટીલાં કે ટપકાં, નથી કોઇ આંગળી પર હીરા કે નથી કોઇ લીલ—પીળા ઝભ્ભા કે નથી કોઇ ચાખડીના ચીલા. અરે! અહીં તો કેવળ સફેદાઇમાં શોભતું ઉજ્જ્વળ વ્યક્તિત્વ. વિચારોમાં ક્રાંતિ, તેવું જ વર્તન અને તેવો જ વ્યવહાર. જીવનના દરેક વ્યવહારમાં સચ્ચાઇ સાથે સ્વચ્છ સફેદાઇ. કોઇ આડંબર નહીં, કોઇ શરતચૂક નહીં. સમગ્ર



વ્યક્તિત્વમાં કેવળ સચ્ચાઇથી સભર વર્તન, અરે! અહીં તો તન—મન—ધનની સાફસુથરી સફેદાઇ.

નથી કોઇ ડાઘ કે નથી કોઇ થાગડ—થીગડ, સાફસુથરી સફેદાઇ. કાંડા પરની ઘડિયાળની પટ્ટી તો સફેદ, ચરણોની ચંપલ તો સફેદ, વાળ ઓળવાની કાંસકી તો સફેદ, તો વળી એમનાં વસ્ત્રો પણ સફેદ. આ સર્વ કાંઇ સફેદાઇથી શોભતા ખાદીધારી તેજસ્વી મુખારવિંદથી શોભતા આપણા ગુરુ ભગવંતના સામર્થ્યમાં કે આવી ઉજ્જવળ ગાંધીવાદી વૈચારિક ક્રાંતિવાળી આચાર સંહિતાની સફેદાઇમાં મા કેવી રીતે? ક્યારે? પ્રભુમયતાના પિયુષના પ્યાલાને ગટગટાવી ગયાં! પ્રિય માત, તાત, સખા, સ્વજનોના સંબંધોને ભૂલીને ફક્ત એક જ સગપણને પૂ. માએ સાચું માન્યું! અને તે તેમને મન ફક્ત શ્રીવરનું જ સાચું સગપણ બની ગયું. આ એક જ સગપણમાં લીન થઇ ગયાં. તદ્રૂપ થઇ ગયાં. એની કોઇ તારીખ કે તવારીખ શોધવી જરૂરી નથી. કારણ શોધતાં કશું ના મળે.

## પૂ. માના આત્માના ઓળખની પસંદગી પૂ.શ્રીની.

**—સુશીલાબેન ભક્ત**

પૂ. માના જીવનરથની દિશા બદલાઇ ગઇ. શ્રી કૃષ્ણ યોગેશ્વરજી સારથિ બની ગયા. પૂ. માને મન ગુરુ ભગવંત સર્વેશ્વર—સર્વસ્વ બની ગયા, લીન થયા. નવી દૃષ્ટિ મળી ગઇ. જ્ઞાનની ગોળી પીવાઇ ગઇ. મહાન તપસ્વિની યોગિની બની ગયાં. અધ્યાત્મ જગતનો નવો ઇતિહાસ ઘડાયો. એ એકરૂપતાનો પ્રવાહ સતત વહેતો થયો. એ પ્રવાહને વિવિધરૂપે વહેવડાવ્યો, વિકસાવ્યો.

જેમાં પુસ્તકોની વિવિધતા, સેવાકીય પ્રવૃત્તિઓ, યાત્રા–પદયાત્રાઓ–શિબિરોનું આયોજન તો વળી પૂ. શ્રીનાં કાવ્યો, ગીતો, ભજનોને પ્રસિદ્ધ સંગીતકારો થકી સી.ડી. કે ડી.વી.ડી. દ્વારા મધુર સુરાવલિમાં રેલાવ્યા. તો વળી પૂ.શ્રીની અમૃતવાણીને પણ દુનિયાના ખૂણે ખૂણે પહોંચાડી. એ રીતે દુનિયાને નાની બનાવી દીધી. એઓ વાત્સલ્યભર્યા બાળકોને અનેક સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સંસ્કાર સિંચન કરી રહ્યાં છે. આ બધામાં પૂ. માની પ્રભુમયતા જ પાંગરી છે. સમર્પિત થઈ છે. એમાં એમની દીર્ઘદૃષ્ટિ સમાયેલી છે. એમાં પ્રભુપ્રત્યેની એકરૂપતા પણ ઓછી નથી. ક્યારે એઓ યોગિની બની ગયાં તેનો અણસાર નથી આવી શક્યો, કારણકે એઓ સ્વભાવથી સરળ છે, સહજ છે. સામાન્યમાંથી અસામાન્યતામાં વિહાર કરી રહ્યાં છે. વળી એઓ વાત્સલ્યના, વ્યવહારના કે સંન્યસ્ત જીવનના પાઠ સહજ ત્યાગભાવે આત્મસાત કરી રહ્યાં છે અને એ પાઠો આપણાને પણ સહજતાથી શીખવી રહ્યાં છે.

પૂ. મા આ વિહાર ભૂમિ પરની એક યુનિવર્સિટી છે. તો આપણે સહુ વિદ્યાર્થી છીએ. આગળ લખ્યું છે તે મુજબ એ સર્વ પ્રકારની સફેદાઈ સંપૂર્ણપણે સ્પર્શી ગઈ. એ સફેદાઈમાં પોતે પણ શ્વેતવસ્ત્રધારિણી બની ગયાં. સર્વ પ્રકારે ઉત્કૃષ્ટ મૂઠી ઉંચેરા માનવીમાંથી મહામાનવ બની રહ્યા. વિચાર માંગે છે કે પ્રભુ મામય કે મા પ્રભુમય?



### પૂ. માના સાન્નિધ્યમાં પૂ. શ્રીનો

# જન્મોત્સવ સાધના પર્વ બન્યો

—નારાયણ હ. જાની

આ વર્ષે પૂ. મા શ્રી સર્વેશ્વરી વિદેશથી પૂ. શ્રીના જન્મદિન ૧૫ ઓગસ્ટ પહેલા પધાર્યાં. એથી ભારતના સાધકોને પૂ. શ્રી માના દર્શન અને સાન્નિધ્યનો લાભ દોઢ બે માસ વહેલો મળ્યો.

તા. ૧૪ ઓગસ્ટે, સાંજે પૂ. શ્રી માનું આગમન સ્વર્ગારોહણ અંબાજી ખાતે થયું. પ્રવાસના થાકને અવગણીને પૂ. માએ ઉપસ્થિત સાધકોના ભાવભર્યા સ્વાગતના પ્રત્યુત્તરમાં હોલમાં પોતાની વિદેશ યાત્રાના અંતભાગમાં યોજાયેલી બાળશિબિરની વિગતો જણાવી, તેની ફલશ્રુતિ પણ કહી.

તા. ૧૫મીના રોજ આશ્રમની પ્રલાણિ પ્રમાણે પ્રાતઃકાલની ધ્યાનની બેઠક, બાવની ગાન સાથેની પ્રભાતફેરી ને પ્રણામ પ્રાર્થના પૂરી થઈ. તે પૂરી થયા પછી પૂ. માએ પોતાના સ્વહસ્તે બધાં સાધક ભાઈબેનોને પૂ. શ્રીના સ્વરૂપના નાનકડા બીલ્લાઓ પહેરાવ્યા તેમજ ૐ યોગેશ્વરાય નમઃ ને ૐ મા રક્ષમામ્‌ના અંગ્રેજી શબ્દોવાળું રબ્બરની પટ્ટીવાળું સુંદર લાંબો સમય ટકે તેવું રક્ષાકવચ પણ આપવામાં આવ્યું. તે પછી પૂ. શ્રીના બાળસ્વરૂપને પાલખીમા પધરાવી–સંકીર્તન સાથે હોલમાં લાવવામાં આવ્યું. આ માટે સાધક ભાઈઓએ ભારતીય પોષાક ધોતી અને કફની પહેરી હતી, જે ધ્યાન ખેંચે તેવી હતી.

સુંદર નવા તથા ફૂલહારોથી શણગારેલા પારણામાં પૂ. શ્રીના સ્વરૂપને પધરાવી દરેક સાધક ભાઈબહેનોને પૂ. શ્રીને પ્રણામ

અને પુષ્પ અર્પણ કરી, પારણું ઝૂલાવવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું, તેથી સૌને આનંદ થયો, લાગ્યું જાણે જન્માષ્ટમીનો ઉત્સવ ન ઉજવાઇ રહ્યો હોય!

પંદરમી ઓગસ્ટ ભારતનો સ્વાતંત્ર્યદિન હોવાથી રાષ્ટ્રીય પર્વની ઉજવણી નિમિત્તે હોલની સામે ધ્વજવંદન કરવામાં આવ્યું, વરસતા વરસાદી માહોલ વચ્ચે પણ સાધકોએ તેમાં ઉત્સાહથી ભાગ લીધો. તો શ્રી નિલેશ ટેલર તેમજ અજય કલોલાએ રાષ્ટ્રીય ગીતોના ઢાળમાં પૂ. શ્રીની જીવનયાત્રા સાથે સંકળાયેલ સ્થાનોને સ્મરણાંજલિ આપી.

## સાધના પર્વ

પૂ. શ્રી માના આદેશ પ્રમાણે આ જન્મદિનની ઉજવણી ચીલાચાલુ ઉત્સવ ન બની રહે તે દૃષ્ટિએ તા. ૧૬ થી ૧૮ ઓગસ્ટ સુધીના ત્રણ દિવસ માટેનું સાધના પર્વ બનાવ્યું. તેમાં સાધકો આ ત્રણ દિવસ દરમ્યાન જે વ્યક્તિગત સાધનાના લક્ષાંકો નક્કી કરે, તે પૂરા કરવા પર ભાર મૂકવામાં આવ્યો. વ્યક્તિગત સાધનાના વિષયોમાં જપની માળાઓ, બાવનીઓ, પ્રણામો, કુટિયાની પ્રદક્ષિણાઓ, શિવમહિમ્ન કે વિષ્ણુસહસ્રના પાઠો કે ધ્યાનના કલાકો, આધ્યાત્મિક વાંચન વગેરેનો સમાવેશ કરવામાં આવેલો.

પૂ. મા સર્વેશ્વરી રચિત શ્રી યોગેશ્વર કથામૃતના ચૌદ અધ્યાયોનું સમૂહ ગાન સાથે પારાયણ પણ કરવામાં આવ્યું; જેમાં સાધક ભાઇબેનોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. તેમાં શ્રી નિલેશ ટેલર અને શ્રી જયુબેનની ગાયક મંડળીઓએ આ ગાનને ઢોલક અને મંજીરાના તાલથી ખૂબ કર્ણપ્રિય બનાવ્યું.



## કેસેટનું વેચાણ

આ પર્વ દરમ્યાન સાધકોને પંડિત જશરાજજી ને તેમના પત્નીના મધુર કંઠે ગવાયેલ સંસ્કૃત ભાષામાં પૂ. યોગેશ્વરજી અને પૂ. માને વંદના કરતી કેસેટ પણ વેચાણમાં મૂકવામાં આવી. અમેરિકામાં વસતા શ્રી દેવાંગભાઇ અને અર્પિતાબેનને લીધે પંડિતજી સાથેનો પૂ. માનો સંબંધ પ્રસ્થાપિત થયેલો. જેના પરિણામે આ કેસેટ અસ્તિત્વમાં આવી. સામાન્ય રીતે વિશ્વ વિખ્યાત શાસ્ત્રીય સંગીતજ્ઞ પંડિત જશરાજજીની કેસેટ રૂા. ૩૭૫ આસપાસ વેચાતી હોય છે તેને બેન રક્ષિતા અને એના પતિ સુમિતભાઇના આર્થિક સહકારથી સ્વર્ગારોહણના સાધકોને ફક્ત રૂા. ૫૦ માં ઉપલબ્ધ કરાવવા બદલ તેમનો આભાર માનવામા આવ્યો.

આ સાધના પર્વ દરમ્યાન જે બીજું નજરાણું પ્રાપ્ત થયું, તે પૂ. શ્રી યોગેશ્વરજીનો પાંચ વિદેશ યાત્રાને આવરી લેતા પુસ્તકના પ્રકાશનનું હતું. પુસ્તકનું નામ છે ''સમુંદરને પેલે પાર.'' તે પ્રકાશનમાં પ્રો. તરલાબેન દેસાઇ અને શ્રી હેમંત મહેતાનો સહયોગ ઉપરાંત ઇમેજ પબ્લીકેશનવાળા ભાઇઓનો પણ સારો સહકાર પ્રાપ્ત થયો. આ પ્રકાશન શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવી રહ્યું છે. આ પુસ્તકમાં આ યાત્રાઓના અનુસંધાનના લગભગ ૨૦૦ જેટલા ફોટાઓ પણ મૂકવામાં આવ્યા છે. પ્રકાશન સંસ્થાએ ૪૦૦ જેટલા પાનાના પુસ્તકની કિંમત રૂા. ૫૦૦ રાખી છે. જે અહીંના સાધકોને માત્ર રૂા. ૧૫૦ માં આપવામાં આવ્યું. આ પુસ્તકમાં પૂ. શ્રીએ જે જે દેશોની મુલાકાત લીધી તેની પ્રજાની આધ્યાત્મિક

અભિરૂચિ ઉપરાંત પ્રદેશ અને ત્યાની પ્રજાની વિશેષતાઓ ને પ્રવાસ વર્ણનો પણ છે. પુસ્તક અમને ખૂબ આકર્ષક, રોચક ને વાંચવાયોગ્ય જણાયું.

## બ્રાહ્મણોને યજ્ઞાપવિત

કદાચ પહેલી જ વાર આ વર્ષે તા. ૨૦–૮ ને શ્રાવણ સુદ પૂનમના મંગલ પર્વે પૂ. માશ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં સ્વર્ગારોહણમાં ભૂદેવોને યજ્ઞોપવિત ધારણ કરવાનો સુઅવસર પ્રાપ્ત થયો. પૂ. માએ દરેક ભૂદેવને યજ્ઞોપવિત ઉપરાંત આર્થિક દક્ષિણા પણ આપી.

વડોદરાના શ્રી પંડિતજીએ કુટિયાની સામે ભૂદેવોને બેસાડી યજ્ઞોપવિતનું ધાર્મિક અને આધ્યાત્મિક મહત્ત્વ સમજાવી, સંકલ્પ પૂજાઓ દ્વારા સૂત્ર બદલાવ્યું.

## રક્ષાબંધન

ભાગ્યે જ પ્રાપ્ત થાય એવું સદ્‌ભાગ્ય આજે અહીં ઉપસ્થિત સાધક ભાઈબહેનો પામ્યા.

પ.પૂ. માશ્રી સર્વેશ્વરીએ પોતાના સ્વહસ્તે દરેક સાધક ભાઈબેનના હાથે રક્ષા બાંધી, દક્ષિણા સાથે મુખમીઠું કરવાની પ્રસાદી પણ આપી. કેવો અદ્‌ભુત યોગ! સ્વયં મા જગદંબાના હાથે બંધાયેલ રક્ષા કવચથી સહુ ધન્યતા અનુભવી રહ્યા.

દેવેશભાઈ દવેની ભજન મહેફિલ

શ્રી યોગેશ્વર પરિવારમાં પૂ. મા–પ્રભુની બાવનીઓના સંગીત સાથેના ગાનથી આત્મીય સ્થાન પામેલા શ્રી દેવેશભાઈ દવે તેમના પત્ની, પુત્ર તેમજ સંગીત મંડળી સાથે પર્વ દરમ્યાન પધાર્યા. તેઓએ બે બેઠકોમાં પૂ. શ્રી યોગેશ્વરજીના ભજનો ને



ધૂનો ગવડાવી. સમગ્ર વાતાવરણને એક સુંદર સંગીતમયભાવથી ભરી દીધું. શ્રી સરોડા ધામે, બાલમુકુન્દમ્’ની ધૂને તો સહુ સાધકોને ભાવવિભોર કરી દીધા.

## સુંદર સંગીતમય રચનાથી પૂ. માનું સ્વાગત

પ. પૂ. મા સર્વેશ્વરીના ભારત આગમન પ્રસંગે સ્વર્ગારોહણમાં પૂ. માનું સ્વાગત ને અભિવાદન પૂ. શ્રીના જન્મદિને સુંદર સંગીતમય–ભાવવાહી રચનાથી કરવું એવું યુવક સાધકભાઈ બેનોને લાગ્યું. તેમના આ ભાવને પુષ્ટિ મળી શ્રી સુશીલાબેન ભક્તે પૂ. મા ઉપર રચેલ ભજનથી. ભજનના શબ્દો આ રહ્યા. વૃંદમાં તાલબદ્ધરીતે ગાવાનું માર્ગદર્શન પણ તેઓના ગાનથી જ પ્રાપ્ત થયું :–

**આવે રે, પ્રભુજી રે, મા સર્વેશ્વરી મનપ્રાણા (૨)**
**આવો રે, પ્રગટો રે, મા જ્યોતિર્મયી પ્રિયલાલા (૨)**
**(ઝડપથી) હરિ સુંદર સરોડાનંદા,**
**હરિ યોગેશ્વર ભગવંતા (૨)**
**હરિ યોગેશ્વર શરણં મમ; હરિ યોગેશ્વર હરિ ૐ (૨)**
**પરિવ્રાજક પદયાત્રી, હિમગિરિ યોગી જ્ઞાની (૨)**
**નિત નિત વહેતી, જ્ઞાનગંગાની શીતળ સરવાણી (૨)**
**આવો રે, પ્રભુજી રે, મા સર્વેશ્વરી પ્રિયપ્રાણા (૨)**
**હરિ સુંદર સરોડા નંદા, હરિ યોગેશ્વર ભગવંતા (૨)**
**હરિ યોગેશ્વર શરણં મમ, હરિ યોગેશ્વર હરિ ૐ (૨)**
**હરિ યોગેશ્વર હરિ ૐ (૮)**
**હરિ સુંદર સરોડાનંદા, હરિ યોગેશ્વર ભગવંતા (૪)**

**પ્રભુ પવિત્ર તીરથધામા, ચરણોમાં શત શત વંદન (૨)**
**હરિ સુંદર સરોડાનંદા, હરિ યોગેશ્વર ભગવંતા.**
**હરિ પ્રગટ પ્રભુ પર બ્રહ્મા, હરિ પ્રકાશ પંથ પ્રણેતા**
**હરિ કૃપાળુ કરૂણાનંદા, હરિ યોગેશ્વર હરિ ૐ**
**હરિ સુંદર સરોડાનંદા, હરિ યોગેશ્વર ભગવંતા (૨)**
**હરિ યુગ પુરુષ યુગદૃષ્ટા, હરિ પરખ્યાં મા જગદંબા (૨)**
**હરિ સુંદર સરોડાનંદા, હરિ યોગેશ્વર ભગવંતા (૨)**
**ભવતારક ભજનાનંદી, હરિ યોગેશ્વર હરિ ૐ**
**હરિ સુંદર સરોડાનંદા, હરિ યોગેશ્વર ભગવંતા (૨)**

શાસ્ત્રીય સંગીતમાં ગવાયેલી આ રચનાએ સહુને ભાવવિભોર બનાવી દીધા. વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ, અમદાવાદ વગેરેના ત્રીસેક જેટલા યુવક—યુવતીઓએ સફેદ રાષ્ટ્રીય પોષાક સાથે ત્રિરંગા બોર્ડરવાળા ખેસ ધારણ કરી સંગીતની તાલબદ્ધ જે જમાવટ કરી તેનાથી પૂ. મા પણ પ્રસન્ન થઇ ગયા. સાધક ભાઇબેનોને લાગ્યું કે જાણે તેમનો પિરશ્રમ સફળ થયો. શ્રી યોગેશ્વર પ્રભુના જન્મદિને પ્રસ્તુત થયેલી આ સંગીતમયી રચના તેઓશ્રીના ચરણોમાં અંજલિરૂપ બની રહી.

## ચમત્કારો આજે પણ બને છે.

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ પોતાની રોજનીશીનાં કેટલાક પાનાઓનું વાંચન આ દિવસોમાં શ્રી અજયભાઇ કલોલા પાસે કરાવ્યું. આ પૃષ્ઠો પર પૂ. માના જીવનની એવી ઘટનાઓ અક્ષરદેહ પામી છે કે જે સાંભળી શ્રોતાને લાગે કે ચમત્કારો આજે પણ કેટલીક સાચી સંત વ્યક્તિઓના જીવનમાં કેવી અદ્‌ભુત રીતે ઘટે છે. પૂ. માના જીવનની આ યથાર્થ ઘટનાઓ છે.



શ્રી પાર્થ અને સોનલ અમેરિકાથી ભારત આવે છે ત્યારે પૂ. મા ગેંગટોક હોય છે. પૂ. માને ચિન્તા થાય છે કે આ અજાણ્યા પ્રદેશમાં, આ બે જણાં, પૂ. મા પાસે કેવી રીતે પહોંચશે. પૂ. માની આ સહજ ચિન્તાના અનુસંધાને પૂ. શ્રી કેવી અદ્‌ભુત વ્યવસ્થા કરી તેઓને પૂ. મા પાસે પહોંચાડે છે, તેની રોચક વિગતો પૂ. માની કલમે સરસ અક્ષરદેહ પામી છે.

આ ઉપરાંત પૂ. માના જીવનમાં સહજ ઊભી થતી પરિસ્થિતિઓમાં જે આવશ્યકતાઓ પૂ. માના મનમાં ઉઠે છે, તેમાં પુષ્પો, ખજૂર, નખ ઘસવાની ફાઇલ વગેરે જરૂરતની ક્ષણે જ કેવી અદ્‌ભુતરીતે પૂ. માને પ્રાપ્ત થાય છે તે સાંભળતાં ગીતામાં ભગવાન કૃષ્ણે કહ્યું છે કે તેષાં સતતયુક્તાનામ્ યોગક્ષેમમ્ વહામિઅહમ્. જેઓ પ્રભુને સર્વસમર્પિત ભક્તો છે, તેના નાના નાના સંકલ્પોની પૂર્તિ ભગવાન કેવી અદ્‌ભુત રીત કરે છે તે વાતો સાચે જ રોમાંચ ખડા કરી દે તેવી છે. એટલું જ નહિ પણ કોઇ નાસ્તિક વ્યક્તિના હૃદયમાં પણ શ્રદ્ધા પ્રેરે તેવી છે.

આ દિવસો દરમ્યાન દોઢસો બસો જે સાધકો સ્વર્ગારોહણમાં ઉપસ્થિત હતા તેઓએ સાચે જ ધન્યતા અનુભવી.

સાચા શ્રદ્ધાળુ જીવોની કસોટી કેટલીક વાર કેવી થતી હોય છે તે આ દિવસો દરમ્યાન સતત વરસાદના લીધે જોવા મળ્યું. છતાં દૂર સુદૂરથી આવતા અનેક સાધકોની શ્રદ્ધાને સાચે જ નમવાનું મન થાય—એવા પાત્રોમાં છેક ગોવાથી સ્વર્ગારોહણમાં પૂ. માના દર્શન માટે આવતા શ્રી શોભાબેન ને ગજાનંદને ગણી શકાય. સાચે જ ધન્ય છે તેમની શ્રદ્ધા ભક્તિને.

પૂ. માના સાંનિધ્યમાં

# એક અભિનવ પારાયણ

—જ્યોત્સ્નાબહેન ત્રિવેદી

**પ્રકરણ ૧૩૫. ઉપવાસ દિવસોના મનોભાવો.**

**પ્રકરણ ૧૩૬. ઉપવાસના દિવસો.**

(૧) કોલાગઢમાં. (૨) મહેસાણા અને મહુવા.

પૂ. શ્રી મા : મહેસાણા પૂ. શ્રી પધાર્યા ત્યારે અહીં હાજર એક બહેન વિદ્યાર્થી હતા. પારાયણ પૂર્ણ થશે પછી પ્રસંગો એમની પાસેથી સાંભળીશું.

**પ્રકરણ ૧૩૭. ઈશ્વર દર્શનના પાંચ પ્રકાર.**

પ્રશ્ન : ઈશ્વર દર્શન પછી ઉપવાસની જરૂર ખરી?

પૂ. શ્રી : હા, ઈશ્વરની આજ્ઞા પ્રમાણે ઉપવાસ કરવા પડે.

**પ્રકરણ ૧૩૮. હનુમાદાસજીનો મેળાપ.**

સંત પુરુષોનો સમય ઘણો કિમતી છે એમ સમજીને તેનો સમય બગાડવો ન જોઇએ. ખાસ અગત્યની વાત કરીને જ ટૂંકમાં પતાવી સમય બરબાદ ન થવા દેવો જોઇએ.

**પ્રકરણ ૧૩૯. ચોરનો પ્રસંગ**

પૂ. શ્રી મા : પૂજ્યશ્રીએ આદર્શ વિદ્યાર્થી બનીને ગુરુની ટેસ્ટ લીધી. કેટલા બધા પ્રશ્નો? ને કેવા ઉદાર ઉત્તરો. ઈશ્વર દર્શનના પાંચ પ્રકાર પણ સરસ રીતે પૂ. શ્રી સમજાવે છે. આવું દર્શનનું વિશ્લેષણ બીજે વાંચવામાં આવ્યું નથી.



**પ્રકરણ ૧૪૦. દિવ્ય દર્શનો**

પૂ. શ્રીની ઝૂંપડીમાં પણ ચોર દેવતા દર્શન કરવા આવે. બધા જ સરખા સંત દ્વારે. અરે! પાલનપુરના પ્રવચનમાં પૂ. શ્રીએ મંચ પાસે ચંપલ કાઢેલાં. તો કોઈ ઉપાડી ગયું. જરૂર હશે તે લઈ ગયા. પાલનપુર તો પ્રથમ વાર નવો શ્રોતાવર્ગ હતો. એટલે વિવિધ રસ ભરેલી કથા પ્રકાશ પંથમાં છે. સમાજની કથા પણ છે. રાજકારણની કથા પણ છે. સાધુસમાજની કથા પણ છે. શિક્ષણ સંસ્થાની કથા પણ છે. સર્વ રસ ભરેલા ભોજન થાળ છે. જેને જેને જે ભાવે તે જમે. ચાલો મહારાજ! ગરમ પાણી પણ એક ઉત્તમ ઔષધ છે. અમારે તો એ જ અક્સીર છે.

(૧) ભગવાન બુદ્ધનું દર્શન.

(૨) સ્વામિ નિત્યાનંદનું દર્શન.

(૩) જલારામ બાપાની કૃપા.

પૂ. શ્રી મા : દર્શનની વાત વારંવાર આવે છે. પ્રાર્થના ના થઈ હોય તો પણ સામેથી દર્શન આપે છે. પૂ. શ્રીના ૧—૧ શબ્દને સત્ય માનવો જ પડે. એવું લાગે છે ભગવાન બુદ્ધ સાથે સાથે કે નિત્યાનંદ મહારાજ કે જલારામ બાપા કે સાંઇબાબા, કેટકેટલાં દિવ્ય સંતોથી પૂ. શ્રી આશીર્વાદ પામ્યા. જે જે સારા કામ કરે તેને તેને સારા માણસો વધાવતા રહે, એવું આપણા આ લોકમાં બનતું રહે છે. તે રીતે સાધના ક્ષેત્રમાં મથામણ જે કરે તેને કાંઇક તો મળે. અમારી પાસે પણ એવા અનેક અનુભવો છે. અમે પૂ. શ્રી સાથે હતાં તો અમને એક દર્શન થયું. પૂ. શ્રી પણ હતા. એ દર્શનમાં એક વાડી દેખાય છે. વાડીના મુખ્ય માર્ગ પર સ્વામી નિત્યાનંદ અવધૂત દશામાં ઊભા છે. એ

દર્શનમાં પાછા અમે પણ અમને જોઇએ છીએ. અમે એ અવધૂત ઊભેલા નિત્યાનંદને પ્રણામ કરીએ છીએ, તે પણ દેખાતું હતું. નિત્યાનંદ મહારાજ પાસે ઊભેલા પૂ. શ્રીને એમણે કહ્યું અને પોતાની આંગળી અમારા તરફ ચીંધીને કહે, આવા દર્શનની અમને ઇચ્છા હતી. અમે તો સ્વપ્રે કે જાગૃતિમાં પણ નિત્યાનંદ બાબાનું દર્શન માંગ્યું ન હતું, છતાં કૃપાનો તે પ્રસાદ આજે પણ આંખ સમક્ષ તાજો જ છે.

કેટલાં વર્ષો પછી બીજું એક દર્શન થયું. કોઇ મોટું મંદિર છે. મોટો ઓરડો છે. અમે તેમાં જઇ રહ્યાં છીએ—અમને પણ જોતાં રહ્યાં. અમે એ મંદિરમાં ગયા ને ત્યાં આ છત જેટલી ઊંચાઇનો લાંબો પહોળો ઊંચો એક નાગ ઊભો છે. ઓરડા જેવડું તો તેનું શરીર છે. અમે તેના ઉપર ચૂંદડી ચઢાવીએ છીએ. નાગને ચૂંદડી! જેમ બુદ્ધને સાપ તેમ નાગની ચૂંદડી. ને પાછું ચૂંદડી સાથે મીઠું, મસ્તક પર ચઢાવ્યું. જરા ડર ના લાગ્યો. કેટલો મોટો નાગ ને કેટલી મોટી તેની ફેણ? એવું તો કદી ક્યાંય કોઇ મંદિરમાં જોયું ન હતું, પણ એકવાર દક્ષિણમાં કન્યાકુમારીથી વળતા નાગરકોઇલ નામના એક તીર્થ સ્થળે ઉતર્યા. તો ત્યાં મંદિરમાં પ્રવેશતાવેંત મોટી મોટી નાગની ફણા જોવા મળી તો પણ દર્શનનું એ દૃશ્ય પૂરું ના સમજાયું. એટલે અનુભવો ઘણીવાર વિચિત્ર પણ લાગે. કરોડો તેનો વિરોધ કરે, પણ જેને અનુભવ થયો હોય તે તો એ પોતાની સંપત્તિ માનીને પોતે અનુભવેલા સત્યને વળગી રહે છે. આ વાત લખાય છે ત્યારે પણ મનની આંખની આગળ એ દૃશ્ય તાજું થાય છે. અનુભવોની એ દુનિયા જ અલૌકિક છે. અનુભવનું સ્મરણ પણ



પ્રેરણાની પરબ જેવું છે. પૂ. શ્રીએ આવા અનેક અનુભવો આપ્યા છે ને આ સાથે તારીખ વાર સમય બધું જ લખાવી લીધું. કઇ તારીખે ક્યો અનુભવ તે બધું જ નોંધાયેલું છે. એટલે અનુભવો થાય છે એ સત્ય છે. મનની કલ્પનાનો વિષય નથી જે સત્ય હોય તેનું જ દર્શન આવી અનુભૂતિથી થાય. માને પણ એવા વિવિધરંગી અનુભવોની અનેક પ્રસાદી પૂ. શ્રીએ ધરી છે. પારાયણની સાથે સાથે તે યાદ આવતી રહે છે.

**પ્રકરણ ૧૪૧. નવરાત્રિના ઉપવાસ :—**

પૂ. શ્રી મા : ૩૦—૩૨ વર્ષની ઉગતી યુવાનીમાં કેટકેટલા ઉપવાસ! વિવિધ જાતના ઉપવાસ પણ તે દરેક ઉપવાસ સાથે અંતરની પ્રાર્થના થઇ છે. આપણા ઉપવાસ ને પ્રભુના ઉપવાસ બંનેમાં ફેર છે. સતત પ્રાર્થના સાથે ઉપવાસ હોય તો જ ધારેલું પરિણામ મળે. આપણા તો ઉપવાસ ના કહેવાય. આપણે તો ભૂખ્યા રહ્યા એવો શબ્દ વાપરીએ છીએ. એમાં જો પ્રાર્થનાનું તત્ત્વ ભળે તો પરિણામ સહજ છે. પૂ. શ્રી જાણે ઉપવાસ કેવા હોય! કેવી રીતે થાય! શા માટે થાય તે બતાવવા જ જાણે પૃથ્વી પર પ્રગટ થયા છે કે આપણે તો ઉપવાસ કરીએ પણ બીજાને પણ કરવા માટે સહજ પ્રેરણા ધરીએ. એ રીતે પૂ. શ્રીએ તો ઉપવાસ કર્યા પણ માને પણ એ માર્ગે ઉપવાસનો મહિમા ગવડાવ્યો. અરે! પરમ દિવસની નોંધમાં એ વાત શ્રી હરિએ સ્પષ્ટ લખાવી છે. એ નોંધ શ્રી હરિએ હેતુપૂર્વક લખાવી હશે એવું લાગે છે.

શ્રી ગંગાજી તા. ૨૭—૨—૧૨

શ્રી ગંગાજીની પરમ કૃપા ઇચ્છા ને આશીર્વાદથી જ તેમના

જ તપસ્વી જીવનની કથા એ ખુદ પોતે જ સાંભળી રહ્યા છે. શ્રી ગંગાજી જીવંત છે. સ્લેટ પર માને પૂ. શ્રી જ લખાવે છે. (સ્લેટ પર) એક આધ્યાત્મિક પવિત્ર સંપત્તિ રૂપિયા આપીને જે ખરીદાતી નથી, જે મથે તે પામે. એ સઘળી સંપત્તિના મૂળ માલિક તો શ્રી હરિ જ છે. શ્રી હરિને જ્યારે જ્યારે યોગ્ય લાગે સમય પાકે ત્યારે સાધકની ભક્તિ વધે ત્યારે ભંડાર ઉઘાડે છે. આ સઘળો કારભાર શ્રી હરિનો છે એટલે માની સ્લેટ ઉપર આગળથી કોઈ કાર્યક્રમ નક્કી નથી થતો. સાધક કે ભક્ત પણ મૌન જ રહે છે. અતિ પ્રસન્ન રહે છે. તેઓ આજકાલ માની અનુભૂતિનો ભંડાર ઊઘાડી રહ્યાં છે. અહીં ૨૮–૨૮ વર્ષ સુધી માને અનેક અનુભૂતિઓ થઈ. શ્રી હરિએ જપનો હરિયાળો બાગ પ્રગટાવ્યો છે. અનુભૂતિનો પ્રસાદ સંભાળવાની સાચવવાની જવાબદારી હોય છે. અનુભૂતિના ભંડાર સાચવવા ૩૦૦૦ નિર્જળા ચઢાવીને સુરક્ષિત કરી દીધો છે. કશું મફત મળતું નથી. મળે તો પણ પચતું નથી. ખભા મજબૂત કરાવે છે. ના હોય તો તે જપ તપથી મજબૂત કરાવે છે. અહીં પણ માના જીવનમાં જે જે જરૂરી ૧૩ કરોડ જપ, ૩૦૦૦ નિર્જળા પોતાની શક્તિથી કરાવીને માને જગમંચ ઉપર ઊભા કર્યા છે. માના જીવનમાં માંગ્યા વગર પ્રસાદ શ્રી હરિએ પીરસ્યો છે, તે અતિ મૂલ્યવાન સાબિત થાય છે. તેની સઘળી જવાબદારી શ્રી હરિએ જ ઉપાડી લીધી છે. શ્રી હરિનો જ એ પ્રસાદ છે. તો માને શું વાંધો! સાધના ક્ષેત્રના શબ્દકોષમાં મારા જપ, મારા તપ એવા શબ્દો જ નથી. તું ને તારું છે. પહેલા જમા કરાવે અને પછી સાધકને તો જમા કરાવવું જ પડે. ૨૮ વર્ષ અને તે પછી પોણા



ત્રણ માસ હરિઓમ આશ્રમમાં જમા કરાવવું પડેલ. એટીએમમાં. હરિ જ તેના ભંડારમાથી વહેંચતા રહે છે. એ ભંડાર ઉઘાડવા જપ, તપ, પારાયણ ને પ્રણામના કાર્ડ જરૂરી છે. પારાયણથી પસંદ કરીને પારાયણનો જ કાર્ડ છે એવો કાર્ડ શ્રી હરિ ઉઘાડી રહ્યા છે. જપ સરસ થાય છે. મન શાંત થાય છે. હે પ્રભુ! પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

જીવનના જખમોને છુપાવવા માટે હાસ્ય જેવું કોઈ આવરણ નથી.

તમામ વિચારો કરતાં વેદના સૌથી ઉંડી છે, પણ તમામ વેદના કરતાં હાસ્ય સૌથી ઉચું છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# Hitesh's Faith in Maa, proved a miracle

–Hitesh Lad

**MAA says :**

"There is a mine in south Africa. There is gold in the mine. But, to get it you have to go deep inside and dig for it. Only then can get that gold in your hands. Hitesh Bhai has a gold mine. He has such extensive reading/knowledge and since youth, faith and devotion. His talks are dependent on his own experiences. Not from what he has read or heard, just from that which he himself has experienced. He is worth listening to every saturday and sunday. And every month, submitting one article to the Adhyatma. Years ago, I gave his letters to the Adhyatma. He talked well today. He will talk about one prayer incident where Hansaben needed to go to Niagara Falls with MAA."

**Hitesh Bhai says:**

I forgot the most important anubhav (experience). Just as that anubhav with Jalaram Bapa



proved to me that God exists, the question came, when we started seeing MAA in the late 80s, as to who MAA was. Initially, when I saw MAA for the first time, I was attracted to her presence because in the first satsang we attended, MAA started talking about Sai Baba. That's what attracted me to her. At the same time, I was slowly getting to know MAA and realizing that she was a saint. The more I went to satsang the more I started hearig people talk about who Maa was, and badha em kahe che, ke MAA pote Jagadamba che, MAA Bhagwan che (Everyone started saying, MAA is Jagadamba herself, she is God). I was hearing this and I didn't know if it was true. Everyone said it but how do you know it's true? But, I had faith and started going to satsang more and more. I realized that MAA was great but I didn't konw that MAA is God. So, I had this little doubt. I guess I wouldn't say doubt, but I wanted proof that MAA is God.

So one day, at the end of my school term, I came home. At this time, MAA was in Toronto. I saw that my mom was packing her suitcase. I

asked my mom, “What are you doing?” She said, “Oh, MAA called and we are going to Niagara Falls. There is one van going.” The people that were going were Jayatibhai patel, Urmilaben Patel, Munniben Shah, my mom and MAA. I had just finished school and I was home for the summer so I asked my mom, “Can I come too?” My mom said, “I cannot say if you can go. You have to ask MAA.”

At that time MAA was staying at Suresh Uncle’s house, Munniben’s father. I was very shy, and I am not the kind of person to just grab the phone and ask MAA if I could come. I was very shy. I wouldn’t dare do such a thing. But I still told my mom that I wanted to come. My mom said, “Look, if you believe that MAA is Jagadamba then go in the mandir and pray to Her. Ask MAA, if you can go.” To me that was easier than picking up a phone and making a phone call to MAA. So, I went in the mandir and actually prayed to MAA.

I said, “MAA, I want to come to Niagara Falls. And IF you are Jagadamba, then please allow me to come to Niagara Falls!” You won’t



believe it, but that evening MAA suddenly called my house and she asked my mom, “What is Hitesh doing?” My mom said, “Oh, he’s home from school.” MAA asked my mom, “Does Hitesh want to come to Niagara Falls?” I looked at my mom and said “Ha! Kem ni aavu? (Yes! why shouldn’t I come?)”. So MAA said, “Chaalo, Hitesh ne tayaar karo. (Get Hitesh ready).”

To me, that was another turning point in my life that proved to me that MAA answered my prayers and that what people were saying about her was true. I was in my youth at that time. This is important because I was young and we can be lost too. If God doesn’t guide us tha we can go on the wrong path. So at different points in my life, MAA was steering me in the right direction and giving me faith when I most needed it. It was a great trip. It was a very memorable, lifetime experience that I had with MAA. It was the first time I got to spend several days with MAA.

**MAA says:** “MAA tara maarge, milestone jeva laage che. (In every milestone in your life, MAA has been there).”

(Hitesh Bhai is reminded of another incident

by his mother, Hansaben, who is also sitting in the audience)

**Hiteshbhai says:**

I forgot all of these experiences! That time I was going to University of Waterloo for the first time. It was far. It was about two hours away from home. For me, this was the first time living away from home and going to university. It was a very difficult time for me because I grew up in a very big family and I was the yougest. So, I followed in the shadows of my two brothers and sister.

When I got there, my parents left. They dropped me off. I was alone. I lived in an apartment. It was not a student housing and I was all alone living by myself. It was a very depressing experience for me. As my mom said, MAA had given me some pictures of MAA and Prabhu. In one picture, Prabhu wrote, “When you are sad, I promise to put a smile on your face.” It’s a quote of Prabhu that MAA had given me and I used to keep it in my wallet. So I was thinking of MAA and I was emotional because it was a very tough time and I was alone. My mom said that’s



when Vinod Uncle called my Mom’s house and asked if she had my mumber. She gave it and the phone rang. It was Vinod Uncle with MAA. MAA was asking me how I was doing and how my studies were. After the phone call, I felt great peace.

There is a power that MAA has. She can sense your difficulty and come to your rescue. You know, I wasn’t even asking for MAA to call me or anything like that. I was just thinking of her. Sai Baba says, “If you look to me, I took to you.” So, MAA is like a mirror. The more you look to MAA the more she reflects back to you, the more she thinks of you as well. Jai Krupalu MAA.

સ્થાપત્ય કન્સ્ટ્રક્શન
પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,
બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી—૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# શંકર બની પીધા કરો

—દક્ષેશ કોન્ટ્રાક્ટર 'ચાતક'

ક્યાં સુધી દુઃખદર્દની વાતો તમે કીધા કરો?
ઝેર જીવનના બધા શંકર બની પીધા કરો.

માર્ગ જીવનના કદી સીધા—સરળ હોતા નથી,
પત્થરો પ્રારબ્ધના પુરુષાર્થથી સીધા કરો.

સ્વીકૃતિની ધારણા પર થાય પ્રસ્તાવો રજૂ,
જે હૃદયમાં હોય તે નિશ્ચિત થઇ કીધા કરો.

યાચના કરતાં શરમથી ડૂબવું છોને ભલું,
આપવા બેસે ખુદા તો પ્રેમથી લીધા કરો.

મોત આવી એક દિન ખખડાવવાનું દ્વાર પર,
બારણાંઓ બંધ રાખી ક્યાં સુધી બીધા કરો?

જિંદગી **'ચાતક'** હવાના ખેલ જેવું છે કશું,
શ્વાસનો ઉત્તર તમે પ્રશ્વાસથી દીધા કરો.



# પૂ.માની સર્વેશ્વરીની સ્વીત્ઝર્લેન્ડ યાત્રા

—મા સર્વેશ્વરી

## ઈન્ટનલેકનથી લૂશન

હે પ્રભુ! આપની કૃપાદૃષ્ટિથી રક્ષાયેલા યુરોપની ધરતી ઉપર વિચરણ કરી રહ્યા છીએ. પ્રાકૃતિક સૌંદર્યનું રસપાન કરતાં કરતાં મંત્રજપ પણ થતા રહે છે.

મોટેભાગે ટ્રેઈનની ગતિ સાથે સારા જપ થયા કરે છે. એ પણ હે હરિ! આપની જ કૃપા છે. મંત્રમાં મન મસ્ત કરી દો.

આ દેશને પર્વતમાળાથી જ શ્રી હરિએ મન મૂકીને સજાવ્યો છે. તો મનમૂકીને પ્રવાસીઓ પણ પદયાત્રા કરતા કરતા પર્વતરાજના સૌંદર્યને માણવાનો પ્રયત્ન કરતા રહે છે.

હા, યુવાનો, વૃદ્ધો, ઘણી સંખ્યામાં હાથમાં બે—બે લાકડીને ખભા ઉપર સામાનનો થેલો લઇને ચાલતા જોવા મળે છે. કોઈપણ ઉંમરે સાહસ જાણે એ સૌનો સ્વભાવ લાગે છે. સતત સાહસવીરોને જોતા જોતા જાણે માએ નિર્બળતા ખંખેરવાની છે એવું કંઇક શ્રી હરિ શીખવી રહ્યા છે.

લાગે છે ઘણા વિદેશીઓ એક એટલા માટે જ આવતા હશે.

આજે ઈન્ટરલોકલેકનથી લૂશન માટે પ્રસ્થાન છે. હવે તો જાણે રેલ્વેની યાત્રાથી ટેવાઈ ગયા છીએ. સહજ રીતે સ્ટેશને આવવાનું નહીંવત્ ભીડ, શાંતિથી સ્વચ્છ પ્લેટફોર્મ ને સ્વચ્છ ટ્રેઈનનો લાભ લેવાનો. ટ્રેઈનમાં પણ જાણે મૌનમંદિર જેવી હળવાશ.

અરે! બે દિવસ પહેલા આપણી મંડળી પ્લેટફોર્મ પર આવીને જેવી ટ્રેઈન આવી તો બે દ્વારમાંથી બધી જ સૂટકેશ ચઢાવીને જેવા સીટ ઉપર સૌ બેસવા ગયા ત્યાં તો ટ્રેઈન ચાલુ થઈ ગઈ.

જોયું તો આ તો ફર્સ્ટક્લાસનો ડબ્બો હતો. માત્ર ૨૦ મિનિટની જ એ યાત્રા હતી. એકપણ સ્ટેશન વચ્ચે આવતું ન હતું.

એ ફર્સ્ટક્લાસની સીટ સોફા જેવી હતી. એ નોંધપાત્ર વાત નથી પણ દરેક સીટ ઉપર મૌન રાખો એવી સૂચના ચિત્ર સાથે હતી. મૌનનો મહિમા અહીં ફર્સ્ટકલાસની ટ્રેઈનમાં જોયો. મુખ ઉપર આંગળી. સરસ પ્રતીક. સાનમાં સમજી જવાનું. શાંતિપ્રિય પ્રજા હશે એટલે ફર્સ્ટકલાસના યાત્રીઓને માનસિક હળવાશ રહે એવા હેતુથી આ સૂચના મૂકાઈ હશે.

ભારતની ટ્રેઈનમાં આ પ્રયોગ કરવામાં આવે તો કદાચ પૂરેપૂરી નિષ્ફળતા જ મળે.

આજે પણ માર્ગમાં પ્રાકૃતિક સૌંદર્ય અદ્‌ભુત હતું.

કેટલીક વાર તો બે સામસામે પર્વત હોય ને વચ્ચે નાનકડું ગામડું. જાણે બે માતા યશોદા ને દેવકીના રક્ષાકવચથી રક્ષાયેલી, માની ગોદમાં રમતા શ્રી બાળકૃષ્ણ.

આજે પણ બે ટ્રેઈન બદલવાની હતી પણ ખૂબ શાંતિ હોય. સમયસર આવે ને જાય. જરાપણ ભીડ ન હતી.

સ્ટેશનોના નામ પણ જોડણી પ્રમાણે જુદા જ ઉચ્ચાર સાંભળવા મળે. આપણે તો એ નામને આપણા અર્થ પ્રમાણે અનુકૂળ કરી દેવું જેથી નામની કથામાં સમય ના બગડે. જેમકે



HARDER KUNM માએ માની લીધું કે આ તો હરિદ્વારના કુંભમેળાની વાત છે. બીજું નામ વંચાયું Grindlewald માએ માની લીધું કે આ તો ગિરિધરવાળાની વાત છે. આપણે બધા ગિરિધર કૃષ્ણના જ બાળકો છીએને?

એટલે આપણું જ છે આ બધું. આમાં કશું અજાણ્યું કે નવું કે પારકું નથી.

ત્રીજું નામ વંચાયું SARNEN મા યાદ રાખે છે શરણ.

સાત્ત્વિક નામ જ માના મનઅંતરે સહજ રીતે ગોઠવાઈ જાય છે. શ્રી હરિ જ એવું સૂઝાડી રહ્યા છે.

આ ટ્રેઈનમાં પણ બન્ને બાજુ પ્રકૃતિમાતા પોતાના અનેક સંતાનોને શણગારી દર્શકોની પ્રતીક્ષા કરતા ઉભા હતા. પર્વતની ગોદમાં સરોવર અને સરોવરમાં વિવિધ નૌકાઓ હતી.

જાણે સાચા ને સારા યાત્રીની, સાધકોના રાહ જોતા. તારવાની તાલાવેલી જેના હૈયે હોય એવા સાચા સદ્‌ગુરુઓ નૌકાનું રૂપ ધારીને ઉભા હતા.

રેલ્વેની નિયમિતતા સેકન્ડ ને મિનિટ સાથે જોવા મળે.

વારંવાર રેલ્વેની જ વાત શા માટે આ ડાયરીમાં નોંધાયા કરે છે? રેલ્વેથી પ્રભાવિત થયેલું મન એના જ ગુણગાન ગાયા કરે છે કે શું?

ના રે ના, જે નજરે જોયું, જે અનુભવે જાણ્યું તેને જ નોંધવાનું છે.

પેલા ફર્સ્ટકલાસના ડબ્બાની ચાર સીટ વચ્ચે બીજી પણ બે સૂચના ચિત્ર સાથે હતી.

ફોન પર વાત ના કરવી.

આઈપોડ ના સાંભળવું.

માનવમનની કેવી માવજત. માનવને શાંતિ જોઈએ છે. તો આ ત્રણ સાધનો માટે સ્વીત્ઝર્લેન્ડની આ ટ્રેઈનના ફર્સ્ટકલાસના ડબ્બામાં સૂચના હતી.

(૧) મૌન રાખો.

(૨) ફોન બંધ.

(૩) આઈપોડ પણ બંધ.

આ ત્રણ વાત પણ પ્રેરક જ છે ને!

બીજી એક અગત્યની નોંધ. આજે આ ધરતી ઉપર પૂરા ૫ દિવસ વીત્યા. ૫ દિવસમાં ૧૯ વાર ટ્રેઈનમાં બેઠા.

સ્વીત્ઝર્લેન્ડમાં પ્રવેશતા પહેલાં જ પ્લેનમાંથી ઉતરીને ટ્રેઈનમાં બેસીને ઈમીગ્રેશન વિભાગમાં ગયાં.

પ્રવેશતા પહેલાં જ આ રેલ્વે સાથેનું સગપણ પાકું થઈ ગયું હતું. કહો કે શ્રી ગણેશ ત્યારથી જ મંડાયા હતા.

યાત્રીઓને આ દેશમાં સારી રીતે ફરવું હોય તો આ ટ્રેઈનની તાલીમ પ્રવેશ પહેલાં જ શરૂ કરો એવું કંઈક સરકાર માનતી હશે.

આજે બેન ક્ષીપ્રા પાસે તેની નોંધ કરાવી છે. આ રહી તે નોંધ :—

તા. ૨૮—૬—૨૦૧૧.

(૧) એરપોર્ટના ગેઈટ થી ઈમીગ્રેશન.

(૨) જ્યુરીક એરપોર્ટ થી જ્યુરીક શહેર.



તા. ૨૯—૬—૨૦૧૧.

(૩) જ્યુરીક HB થી VISP.

(૪) VISP થી જરમેટ.

તા. ૩૦—૬—૨૦૧૧

(૫) જરમેટ થી ગોર્નગ્રાટ.

(૬) ગોર્નગ્રાટ થી જરમેટ.

(૭) જરમેટ થી VISP.

(૮) VISP થી સ્પીઝ.

(૯) સ્પીઝ થી ઈન્ટરલેકન.

તા. ૧—૭—૨૦૧૧

(૧૦) ઈન્ટરલેકન (વેસ્ટ) થી ઈન્ટરલેકન (ઈસ્ટ)

(૧૧) ઈન્ટરલેકન થી LAUTERBRUNNEN.

(૧૨) LAUTERBRUNNEN થી Klelne.

(૧૩) Klelne થી Jungfraujoch

(૧૪) Jung થી Klelne

(૧૫) Klelne થી Grindlewalg

(૧૬) Grindel થી Inter ઈન્ટરલેકન ઈસ્ટ

(૧૭) ઈન્ટરલેકન ઈસ્ટ થી વેસ્ટ.

તા. ૨—૭—૨૦૧૧

(૧૮) ઈન્ટરલેકન વેસ્ટ થી ઈસ્ટ

(૧૯) ઈન્ટરલેકન ઈસ્ટ થી લુસન.

અ...ધ...ધ...ધ. ૫ દિવસમાં ૧૯ વાર ટ્રેઈનમાં બેઠાં.

કોઈપણ પ્લેટફોર્મ ઉપર કે ટ્રેઈનમાં, ડબ્બા ઉપર કે બારીમાં ધૂળ, કચરો, ગંદકી ના જોવા મળે. સર્વત્ર જાણે સ્વચ્છ, સ્વચ્છ, સ્વચ્છ.

સ્વચ્છતા અને નિયમિતતાના ઉપાસક હે સ્વીત્ઝર્લેન્ડ તને, તારા કર્મચારીઓ તથા તારી પ્રજા, સૌને વારંવાર અભિનંદન, અભિનંદન, અભિનંદન.

આ નિયમિતતા અને સ્વચ્છતા ઉપરના દેવલોકમાંથી જ ઉતરી આવી હશે. આકાશને અડતા પર્વત ઉપરથી સીધી જ આ ધરતી ઉપર જ તેનું પૂર્ણ પ્રતિબિમ્બ ઝીલાયું હશે.

દેવલોકમાં, ઉપરના લોકમાં પણ સમય થતાં પ્લેટફોર્મ ઉપર દેવલોકની ટ્રેઈન આવતી હશે અને યાત્રીઓને વિવિધ દેશમાં લઈ જવા વિવિધ દેહમાં પણ લઈ જતી હશે.

ટીકીટ ચેકર જેવા યમદૂતો તરત જ સ્વચ્છ હિસાબ પોતાના સાધનમાં જોઈને ગણી લેતા હશે કે કોના કેવાં કર્મો છે તે પ્રમાણે તેને તે દિશામાં તેવા દેહમાં મોકલતા હશે.

ઘડિયાળના ટકોરે જ ત્યાં પણ નિયમિત કારભાર ચાલતો હશે.

સ્વીત્ઝર્લેન્ડની ધરતી ઉપર દરેક ઘરો ફૂલોથી સજાવેલાં જોવા મળે છે. અંતિમ વિશ્રામ સ્થાનના દરેક પ્રતીક પણ ફૂલથી જ સજાવેલા જોવા મળે છે. આ પ્રજા પ્રકૃતિપ્રેમી, પુષ્પપ્રેમી લાગે છે.

આયુર્વેદના અભ્યાસી માટે વનસ્પતિ જગત સાથે મિત્રતા બાંધવા અહીં સર્વત્ર સોનેરી તક મળી રહે તેવા હરિયાળા વિસ્તાર છે.



ટૂંકમાં સ્વીત્ઝર્લેન્ટ દેશ અનેકવિધ વિશેષતા સાથે વિશ્વની હરોળમાં પ્રગતિના મંચ ઉપર ઉત્તમ રીતે ઉભો છે.

કહે છે વિશ્વયુદ્ધમાં પણ આ દેશ તટસ્થ જ રહ્યો હતો. આ દેશમાંથી રેડક્રોસનો પ્રારંભ થયો છે. એના રાષ્ટ્રધ્વજ ઉપર રેડક્રોસ જ જોવા મળે છે.

અહીં દરરોજ પ્રણામ, મંત્રજપ થતા રહે છે. માની મંડળીમાં સંપ ને પ્રેમ સચવાયેલા રહ્યા છે. યાત્રા સારી રીતે ચાલી રહી છે. હે સર્વશ્રેષ્ઠ યાત્રી! પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

લોકપૂજ્ય ન થવાય તો ભલે, પણ જગત માન્ય કરે તેવો વ્યવહાર હોવો જોઈએ.

ઘર મોટા હોવાથી ભેગું નથી રહેવાતું, મન મોટા હોય તો જ ભેગું રહેવાય છે.

જે દિવસે મા—બાપ તમારા કારણે રડે છે ત્યારે તમારું કરેલું પૂણ્ય એ આંસુમાં વહી જાય છે.

આરણ્યક (વન) સંસ્કૃતિ :—આપણી સંસ્કૃતિને આરણ્ય સંસ્કૃતિ પણ કહેવામાં આવી છે આમ કહેવાનું તાત્પર્ય વન તથા હર્યાભર્યા વૃક્ષો પ્રત્યે શ્રદ્ધા અને સન્માન રાખવાનું છે. આયુર્વેદાચાર્યોની દષ્ટિએ જોવામાં આવે તો વિશ્વમાં એક પણ વનસ્પતિ એવી નથી કે જેમાં ઔષધીય ગુણ ન હોય. આથી તો શ્વેતાશ્વતર ઉપનિષદમાં વૃક્ષોને સાક્ષાત બ્રહ્મની ઉપમા આપી છે.

# ભગવાન રમણ મહર્ષિના સાનિધ્યમાં

(ગતાંકથી આગળ) **યોગેશ્વરજી**

પરંતુ આખરે એ મોહિનીનો અંત આવ્યો. એકાએક આવી પડેલો એ વિક્ષેપ સૂચક હોય તેમ, જમીન પરથી ઊઠીને લોકો હૉલમાં ફરવા લાગ્યા. એમના શબ્દો કાને અથડાયા, અને સૌથી મોટું આશ્ચર્ય તો એ થયું કે મહર્ષિની કાળી ઘઉંવર્ણી આંખ પણ એકબે વાર હાલી ઊઠી. એમનું મસ્તક ફર્યું. મોઢું ધીરેથી, ખૂબ ધીરેથી, ફરવા માંડ્યું ને જરાક નીચું નમ્યું. થોડીક વધારે પળો પસાર થઇ અને મારા પર એમની દૃષ્ટિ પણ પડી રહી. મહર્ષિની રહસ્યમય આંખ મને પહેલી જ વાર જોવા લાગી. એમની લાંબી સમાધિમાંથી એ હવે જાગ્રત થયા છે એ સ્પષ્ટ થયું.

મેં કોઇ જાતનો જવાબ ના આપ્યો, તેથી મારા ભોમિયાએ, મેં એમના શબ્દો સાંભળ્યા નથી એમ માનીને પોતાના પ્રશ્નનું જોરથી પુનરાવર્તન કર્યું, પરંતુ મારી તરફ માયાળુતાથી મંડાયેલી પેલી તેજસ્વી આંખમાં મને વણપુછાયેલો એક બીજો પ્રશ્ન વાંચવા મળ્યો : 'તમારે પોતાને માટે તથા બધા જ મનુષ્યોને માટે મેળવી શકાય એવી ઊંડી માનસિક શાંતિની જે ઝલક તમે હમણાં મેળવી તે પછી પણ શું એ શક્ય છે કે મનને વિક્ષિપ્ત કરનારા સંશયો તમને હજી હેરાન કરી શકે?'

મને શાંતિએ ઘેરી લીધો. ભોમિયા તરફ ફરીને મેં ઉત્તર આપ્યો :

'ના, અત્યારે મારે કશું જ નથી પૂછવું. બીજી વાર....'

મને હવે લાગ્યું કે મહર્ષિ પોતે નહિ પરંતુ ઉત્તેજિત રીતે વાત કરતું નાનુંસરખું ટોળું અહીં આવવા સંબંધમાં થોડાક સ્પષ્ટીકરણની આશા રાખી રહ્યું છે. મારા ભોમિયાના કહેવા



પરથી મને સમજાયું કે એમાંના મૂઠીભર લોકો જ અહીં રહેનાર શિષ્યો છે અને બાકીના તો આજુબાજુના દર્શનાર્થીઓ છે. એ પછી તો મારા ભોમિયાએ પોતે જ ઊઠીને મારો પરિચય આપ્યો. ભેગા થયેલા શ્રોતાઓને બધું સમજાવતી વખતે એમણે પ્રાણવાન તામિલ ભાષામાં અનેક હાવભાવ સાથે બોલવા માંડ્યું. એમનું સ્પષ્ટીકરણ સત્યની સાથે દંતકથાના મિશ્રણવાળું છે એવી ભીતિ મારા મનમાં પેદા થઇ, કારણકે એને સાંભળનાર આશ્ચર્યના ઉદ્‌ગાર કાઢી રહ્યા હતા.

બપોરની ભોજનવિધિ પૂરી થઇ. મધ્યાહ્ન પછીનું ટેમ્પરેચર મેં પહેલાં કદી પણ ના અનુભવેલી ડીગ્રીએ સૂર્યે નિર્દયતાપૂર્વક પહોંચાડી દીધું. વિષુવૃત્તથી બહુ દૂરના અક્ષાંશ પર અમે નહોતા. ભારતમાં પ્રવૃત્તિપરાયણતાને ના પ્રકટાવનારું હવામાન પેદા કરવા માટે મને આભાર માનવાનું મન થયું, કારણકે મોટા ભાગના લોકો ઘટાદાર ઝાડીઓમાં શાંતિ મેળવવા ચાલ્યા ગયેલા. મહર્ષિની પાસે એટલા માટે હું મરજી મુજબ આગળથી કહીને કોઇ જાતની ધાંધલ વગર શાંતિથી જઇ શક્યો.

મોટા હૉલમાં પ્રવેશીને હું એમની પાસે બેસી ગયો. કોચ પર પડેલા સફેદ તકિયા પર એ આડા પડેલા. કોઇક સેવક દોરડું ખેંચીને પંખો કરી રહ્યો હતો. દોરડાનો ધીમો સ્વર અને ગરમ હવામાં ચાલતા પંખાનો અવાજ કાનને ઘણો પ્રિય લાગતો.

મહર્ષિના હાથમાં કોઇ વાળેલી હસ્તલિખિત ચોપડી હતી. અત્યંત ધીમી ગતિએ કશુંક લખી રહ્યા હતા. મારા પ્રવેશ પછી થોડીક મિનિટે એમણે ચોપડી બાજુએ મૂકી અને કોઇ શિષ્યને બોલાવ્યો. એમની વચ્ચે તામિલમાં થોડી વાત થઇ. પછી પેલા ભાઇએ કહ્યું કે મેં એમની સાથે ભોજનમાં ભાગ ન લીધો એટલા માટે મહર્ષિ પોતાનો ખેદ જાહેર કરે છે. એણે કહ્યું કે એ સાદું

જીવન જીવે છે, અને અંગ્રેજોને અત્યાર સુધી પીરસવાનો પ્રસંગ ના આવ્યો હોવાથી એમનું ભોજન પણ કેવું હોય છે તેની પણ માહિતી નથી ધરાવતા. મેં મહર્ષિનો આભાર માનીને કહ્યું કે એમની સાથે બેસીને સાદું ભોજન કરવાનું મને ગમશે. એ ઉપરાંત હું શહેરમાંથી ખોરાક મેળવી લઈશ. મેં વધારામાં એમ પણ કહ્યું કે જે વસ્તુની શોધ કરવા મારે એમના આશ્રમમાં આવવાનું થયું છે એની આગળ ભોજનનો પ્રશ્ન મને એટલો અગત્યનો નથી લાગતો.

સંતપુરુષ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા. એમનો ચહેરો શાંત, વિક્ષેપ વગરનો અને વિકારવિહીન રહ્યો.

'એ હેતુ સારો છે.' એમણે આખરે ટીકા કરી.

એને લીધે એ જ વિષય વિસ્તારવાનો મને ઉત્સાહ મળ્યો.

'ભગવન્, મેં અમારા પશ્ચિમી તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનનું અધ્યયન કર્યું છે, ભરચક વસ્તીવાળાં શહેરોના લોકો સાથે રહીને કામ કર્યું છે, એમનાં સુખો ભોગવ્યાં છે અને એમની મહાત્ત્વાકાંક્ષાઓનું સેવન કર્યું છે. એની સાથેસાથે એકાંત સ્થળોમાં ઊંડા વિચારમાં લીન બનતાં ફર્યો છું પણ ખરો. મેં પશ્ચિમના સંતોને પ્રશ્નો પણ પૂછ્યા છે. હવે હું પૂર્વ તરફ વળ્યો છું. મારે વિશેષ પ્રકાશની આવશ્યકતા છે.'

મહર્ષિ જાણે કે કહેતા હોય કે 'હા, હું બરાબર સમજું છું' તેમ માથું હલાવ્યું.

'મેં કેટલાય અભિપ્રાયો સાંભળ્યા છે અને અનેક સિદ્ધાંતોનો પરિચય કર્યો છે. કેટલીય જાતની માન્યતાઓના બૌદ્ધિક પુરાવા મારી આજુબાજુ એકઠા થયા છે. એ બધાથી હવે હું કંટાળી ગયો છું, કારણ કે અંગત અનુભવથી જે પુરવાર ન થઈ શકે એ અંગે મને શંકા રહે છે. એવું કહેવા બદલ મને માફ કરજો, પણ હું



ધાર્મિક નથી. માનવતાના ભૌતિક અસ્તિત્વ પર એવું કશું છે ખરું? જો હોય તો મને એનો સાક્ષાત્કાર કેવી રીતે થઈ શકે?'

એમણે કોઈ મૌખિક ઉત્તર ના આપ્યો, પરંતુ કોઈ વિચારધારામાં ડૂબી ગયા હોય એવા દેખાયા. હવે બીજું કાંઈ કરવાનું નહોતું અને જીભ પણ છૂટી થઈ હતી, એટલે મેં એમને સંબોધીને ત્રીજી વાર કહેવા માંડ્યું :

'પશ્ચિમના અમારા વિદ્વાન વૈજ્ઞાનિકોને એમની બુદ્ધિમત્તા માટે ભારે માન આપવામાં આવે છે. તે છતાં એમણે કબૂલ કર્યું છે કે જીવનની પાછળ છુપાયેલા સત્ય પર તે ઘણો ઓછો પ્રકાશ પાડી શકે તેમ છે. એમ કહેવામાં આવે છે કે અમારા પશ્ચિમી વૈજ્ઞાનિકો જેને પ્રકટ કરી નથી શક્યા તેની માહિતી આપનાર કેટલાક પુરુષો તમારા દેશમાં હયાતી ધરાવે છે. એ શું સાચું છે? આત્મિક પ્રકાશની અનુભૂતિમાં તમે મને મદદરૂપ થઈ શકશો? કે પછી એની શોધ કેવળ ભ્રમણા સિવાય બીજું કશું જ નથી?'

મારી વાતચીતનો હેતુ પૂરો થયો એટલે મહર્ષિના ઉત્તરની પ્રતીક્ષા કરવાનો મેં નિર્ણય કર્યો. એમણે મારી તરફ વિચારશીલ બનીને જોઈ રહેવાનું ચાલું રાખ્યું. કદાચ એ મારા પ્રશ્નો પર વિચાર કરી રહ્યા હોય. દસ મિનિટ શાંતિ રહી.

આખરે એમના હોઠ ઊઘડ્યા અને ધીમેથી બોલ્યા : 'તમે કહો છો હું 'હું' જાણવા માગું છું. એ હું એટલે શું તે કહી શકશો?'

દુભાષિયાની મદદ લેવાને બદલે હવે એમણે અંગ્રેજીમાં મારી સાથે સીધું જ બોલવા માંડ્યું. મારું મગજ વિસ્મયથી ભરાઈ ગયું.

'હું તમારો સવાલ નથી સમજી શક્તો.' મેં નીરસતાથી ઉત્તર આપ્યો.

'મારો સવાલ સાફ નથી? ફરીથી વિચારી જુઓ!'

એમના શબ્દો સાંભળીને ફરી આશ્ચર્ય અનુભવ્યું. મારા મગજમાં એકાએક વિચાર આવ્યો. મારી તરફ આંગળી કરીને મેં મારું નામ કહી બતાવ્યું.

'તમે તેને જાણો છો?'

'મારા આખાય જીવન દરમિયાન.' મેં એમની સામે સ્મિત કર્યું.

'પણ તે તો તમારું શરીર જ છે! હું ફરી પૂછું કે 'તમે' કોણ છો?'

એ અસાધારણ સવાલનો જવાબ મને જલદી ન મળ્યો.

મહર્ષિએ ચાલુ રાખ્યું :

'સૌની પહેલાં તે 'હું'ને જાણી લો, પછી તમે સત્યને જાણી શકશો.'

મારું મન પાછું ગૂંચવણમાં પડ્યું. મારી મૂંઝવણનો પાર ન રહ્યો. એ મૂંઝવણ વાણીના રૂપમાં બહાર આવી. પરંતુ મહર્ષિ પોતાના અંગ્રેજીની પરિસીમા પર પહોંચી ગયેલા દેખાયા. એટલે તો તેમણે દુભાષિયા તરફ દૃષ્ટિ ઠેરવી અને ધીમેથી એમના ઉત્તરનો અનુવાદ કરી બતાવવામાં આવ્યો : 'કરવાનું કામ એક જ છે : તમારી પોતાની અંદર ડોકિયું કરો. એ કામ સાચી રીતે કરો તો તમારી સઘળી સમસ્યાઓના ઉત્તર તમને મળી રહેશે.'

એ પ્રત્યુત્તર જોકે વિચિત્ર લાગ્યો, તોપણ મેં પૂછ્યું : 'એને માટે શું કરવું જોઇએ? કઇ પદ્ધતિનો આધાર લેવો જોઇએ?'

'પોતાના સ્વરૂપનો ઊંડો વિચાર કરવાથી અને સતત ધ્યાન ધરવાથી પ્રકાશની પ્રાપ્તિ કરી શકાય છે.'

'સત્યનું ધ્યાન તો મેં અવારનવાર ધર્યું છે, પરંતુ પ્રગતિની



કોઇ નિશાની નથી દેખાતી.'

'કોઇ પણ પ્રકારની પ્રગતિ નથી થઇ એવું તમે શી રીતે જાણ્યું? આત્મિક વિકાસના ક્ષેત્રમાં થતી પ્રગતિનો ખ્યાલ કાંઇ સહેલાઇથી નથી આવી શક્તો.'

'ગુરુની મદદની જરૂર પડે છે?'

'પડે પણ ખરી.'

'તમે સૂચવો છો તે પ્રમાણે પોતાની અંદર ડોકિયું કરવામાં ગુરુ કોઇને મદદ કરી શકે?'

'આ શોધમાં માણસને જેની જરૂર છે તે બધું જ એ આપી શકે છે. એ વસ્તુની પ્રતીતિ વ્યક્તિગત અનુભવ દ્વારા કરી શકાય છે.'

'ગુરુની મદદથી થોડોઘણો પ્રકાશ મેળવવામાં કેટલો વખત લાગે છે?'

એનો આધાર સાધકના મનની પરિપક્વતા પર છે. દારૂ એક ક્ષણમાં જ સળગી ઊઠે છે, પરંતુ કોલસાને સળગતાં ઘણો વખત લાગે છે.'

મારા પર એવી છાપ પડી કે ગુરુઓ અને એમની પદ્ધતિઓની ચર્ચા મહર્ષિને પસંદ નથી પડતી. છતાં મારી માનસિક ચીવટને લીધે એ છાપને ગણકાર્યા વગર, એ જ વિષય પર મેં એમને બીજો વધારાનો પ્રશ્ન પૂછી કાઢ્યો. એમણે પોતાની ગંભીર મુખાકૃતિને બારી તરફ ફેરવી પાછળની તળેટીના વિસ્તાર તરફ જોવા માંડ્યું અને કશો ઉત્તર ન આપ્યો. એ સૂચના સમજી લઇને મેં વિષય પડતો મૂક્યો. (ક્રમશઃ)

### પ.પૂ. મહારાજશ્રી રણછોડદાસજીના જીવનના

# પ્રેરક પ્રસંગો

સંક્ષેપ : પરમાર્થી, દમયંતીબેન સેજપાલ

## સકલ વિઘ્ન વ્યાપહિં નહીં તેહીં

અનંતપુરવાળા રમેશભૈયા એક વખત બસમાં ઉજ્જૈન જઇ રહ્યા હતા. ગામ નજીક પહોંચતાં બસને ભયંકર અકસ્માત થયો. રમેશભૈયાને હાથમાં સખત ઈજા થઇ. ગામમાં પહોંચી એ તરત હોસ્પિટલમાં ગયા. ડોકટરે હાથ તપાસી ગંભીર ભાવે કહ્યું : 'ઓપરેશન કરી હાથ કાપી નાખવો પડશે.'

રમેશભૈયા હતાશ બની ગયા. ઓપરેશનના નામથી પણ એ ધ્રૂજે, તેથી સાધારણ પાટાપિંડી કરાવી ઘેર આવ્યા.

સંજોગવશાત્ તે જ દિવસે રાત્રે બાર વાગ્યે પૂજ્યશ્રી ઉજ્જૈન પધાર્યા. ત્યાં ક્ષિપ્રા નદીને કિનારે આવેલી ઉદય ધર્મશાળામાં ઉતારો રાખ્યો, સમાચાર મળતાં રમેશભૈયા તરત દોડ્યા. એમના હાથ પર બાંધેલો પાટો જોઇને પૂજ્ય શ્રીએ પૂછ્યું : 'યહ ક્યા હૈ?'

રમેશભૈયાએ બધી વાત કહી સંભળાવી.

પૂજ્ય શ્રીએ કહ્યું : 'લાઓ, દિખાઓ તુમ્હારા હાથ' એટલું કહીને પોતાનો વરદહસ્ત ધીમેધીમે ઉપરથી નીચે સુધી ફેરવ્યો. પછી બોલ્યા : 'યહ પટ્ટી ઐસે હી બંધી રહને દેના. હાથ ઈસ સે ઠીક હો જાએગા.'

બીજે દિવસે પૂજ્ય શ્રી ત્યાંથી પધારી ગયા. પૂજ્યશ્રી ના બતાવી એમણે કહ્યું : 'તું બહુ ભાગ્યવાન છે. પરંતુ ૨૮ મે વર્ષે



તારા પર બહુ મોટી ઘાત છે.'

એ દિવસથી રમેશભૈયા ચિંતિત રહેવા લાગ્યા. પૂજ્યશ્રી અનંતપુર પધાર્યા ત્યારે એણે જ્યોતિષની વાત કરી. તેઓશ્રી ભારે નારાજ થયા ને જન્મોત્રી માગી પોતાની પાસે રાખી લીધી.

રમેશભૈયાને ૨૮મું વર્ષ ચાલતું હતું ત્યારે પૂજ્યશ્રી અનંતપુર પધાર્યા. તે જ દિવસે રાત્રે રમેશભૈયા જે રૂમમાં સૂતા હતા તેના છાપરામાંથી એક સાપ ઊતર્યો ને એમના ગળામાં વીંટળાઇ પડી રહ્યો.

સવારે તેમની બાજુમાં સૂતેલા લક્ષ્મણ સિંહ અને કાલુરામની આંખો ખૂલી ત્યારે એમની નજરે ગળામાં સર્પ સાથે ઊંઘતા રમેશભૈયા બંને હેબતાઇ ગયા.

રૂમમાં બૂમરાણ મચી રહ્યું. શોરબકોર સાંભળીને રમેશભૈયા સળવળ્યા ને સફાળા બેઠા થઇ ગયા. ગળામાં રહેલો સાપ એકદમ નીચે પડ્યો. પડતાંવેંત સડસડાટ કરતો છાપરામાં થઇને બહાર ચાલ્યો ગયો.

રમેશભૈયા પૂજ્ય શ્રીના રૂમમાં દોડ્યા. ત્યાં જઇને શ્વાસભેર બોલવા લાગ્યા : 'મામાજી, જુઓ તો ખરા મારું ગળું! સાપ કોણજાણે કેટલી વાર સુધી મને વીંટળાઇને પડ્યો હશે! ગળા પર પારાવાર બળતરા થાય છે.' તેમના ગળા પર ઝીણી ઝીણી લાલ ફોલ્લીઓ થઇ આવી હતી.

પૂજ્યશ્રીએ પ્રેમથી એમને બેસાડ્યા. પછી કહ્યું : 'તુમ બડે ભાગ્યવાન હો બેટા, સર્પ શિવજી કે ગલે મેં રહતા હૈ. ખૈર અબ મેં તુમ્હારે લિયે નિશ્ચિત હો ગયા. બેટા, અબ કોઇ તુમ્હેં પથ્થર

સે મારે તો ભી તુમ નહીં મર સક્તે. અબ શાદી કરો ઔર આનંદ કરો.'

ચંદુબહેન પૂજ્યશ્રીની સાથે હતાં. એમણે પૂજ્યશ્રીની આજ્ઞાથી રમેશભૈયાને ગળે લગાડવાની દવા આપી.

સર્પ બિચારો કરડવા તો આવ્યો, પરંતુ શ્રીગુરુદેવના રક્ષાકવચે એનું મોઢું સીવી નાખ્યું હતું. પૂજ્યશ્રીની કૃપાથી સર્પદંશની ઘાત ઝીણી ફોલ્લીઓમાં ફેરવાઇ ગઇ ને રમેશભૈયા બચી ગયા.

## જગદલપુર નેત્રયજ્ઞ

સીરોંજ પછી જગદલપુરમાં નેત્રયજ્ઞ કરવાનું નક્કી થયું. જગદલપુર રાયપુર સ્ટેશનથી ૨૦૦ માઇલ દૂર ઓરિસ્સાની સરહદ પર આવેલું છે.

ત્યાં આદિવાસી પ્રજા રહે છે. એ લોકો એટલા પછાત છે કે અંગ પર પૂરાં વસ્ત્રો પહેરવામાં પણ સમજે નહિ. હાથમાં તીરકામઠાં હોય. ઉંદર, દેડકાં, સાપ વગેરે બાફીને ખાય. જીવડાંનું અથાણું રસ્તા પર વેચાય!

દેખાવમાં બધા તદ્દન કાળા. સ્ત્રીઓ બધી શૂર્પણખા જેવી. દારૂ ખૂબ પીએ. તાડના ઝાડ પર વાંદરાની જેમ ચડી જાય અને રસ્તામાં જ તાડી પીએ.

આવા લોકોની વચ્ચે ભક્તજનો મૂઝવણમાં પડી ગયા. પૂજ્યશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'યહ રાક્ષસોં કી ભૂમિ હૈ.'

પ્રયાગભાઇ, દાનાભાઇ વગેરે એક દુભાષિયાને લઇને લોકોના રહેઠાણ પર જાય. દુભાષિયા દ્વારા અને ઇશારાથી



એમને માંડમાંડ સમજાવવામાં આવ્યું કે અહીં એક બાબાજી આવ્યા છે તે જંતરમંતર કરીને તમારી આંખો સારી કરી આપશે. તમને જમવા આપશે ને કપડાં પણ આપશે. માંડમાંડ થોડા લોકો સાથે આવવા સંમત થયા.તા.૧૦-૩-૫૮ ને દિવસે ઓપરેશનની શરૂઆત થઇ.

દરેક કેમ્પમાં ચારપાંચ ગાંડી વ્યક્તિઓ પણ આંખોનો ઇલાજ કરાવવા આવે. તેથી કેમ્પમાં 'મેડ હાઉસ' બનાવવામાં આવે. જગદલપુરના મેડહાઉસમાં રાત્રે ૧૨-૩૦ વાગ્યે એક પાગલે ધમાલ મચાવી. ત્રણ દિવસ પહેલાં જ એની આંખનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. કૂદકા મારીને એ પોતાની આંખોને નુકસાન ન પહોંચાડી બેસે એટલા માટે એને ખાટલા સાથે બાંધ્યો. ત્યાંજ પૂજ્યશ્રી વોર્ડમાં પધાર્યા. તેમણે કહ્યું : ઇસકો અફીમ ચાહિયે. અફીણ નહીં દોગે તબતક વહ ઐસે હી ચિલ્લાતા રહેગા.

એક ભાઇ અફીણની તપાસમાં ગયા.

પાગલ માટે ચા મંગાવવામાં આવી. ચાનો વાડકો લઇ એમાંથી એક ઘૂંટડો ભરીને એણે સીધો પૂજ્યશ્રી પર ઉડાડ્યો!

અફીણ આવતાં પાગલને એ ખવડાવવામાં આવ્યું. થોડી વાર પછી એ શાંત થઇને ઊંઘી ગયો.

જગદલપુરમાં ખ્રિસ્તી મિશનરીઓનું પ્રમાણ ખૂબ વધારે હતું. ત્યાંની 'નન્સ' પૂર્ણાહુતિને દિવસે પૂજ્યશ્રીનાં દર્શન કરવા આવી. એ સૌના ગયા પછી પૂજ્યશ્રીએ કહ્યું : 'આપ લોગ અબ સમજ ગયે હોંગે કિ આદિવાસી ક્ષેત્ર મેં નેત્રયજ્ઞ કયોં રક્ખા ગયા

થા! ખ્રિસ્તી લોગ પછાત જાતિ ઔર જંગલી પ્રદેશ મેં હી અપના પૈર જમાતે હૈ. ધર્મપરિવર્તન કે લિયે આદિવાસી ક્ષેત્ર ઉત્તમ હોતા હૈ ક્યોં કિ યહ અજ્ઞાની પ્રજા હૈ. લોગ ઈસાઈ બન રહે હૈ. ઉસમેં હમારે સંકુચિત વિચાર કારણભૂત હૈ. હજારો યહાં આદિવાસી ક્ષેત્ર મેં જાના કોઇ પસંદ નહીં કરતા. યહ ઉપેક્ષિત પ્રજા હૈ. પરંતુ જબ નીચી જાતિ કે લોગ ઈસાઈ બન કર, પઢ-શીખકર 'સાહબ' બનકર આતે હૈં તબ તુમ લોગ ઇન્હેં માન સહિત કુર્સી પર બિઠાતે હો ઔર ઉપર સે ચાય ભી પીલાતે હો!

યહ બાત હિંદુધર્મી કો દોષિત સાબિત કરકે ભારતીય સંસ્કૃતિ કી માનવસેવા ઔર રાહતકાર્ય કે પ્રતિ રહી નિષ્ક્રિયતા કો ખુલ્લી કરતી હૈ. આદિવાસી ક્ષેત્રો મેં સર્વ પ્રથમ રોટી, કપડે, શિક્ષા, દવાઇ, ઘર આદિ કી જરૂરત હૈ. હમારી સંસ્કૃતિ કી રક્ષા કરને કા યહી એક ઉપાય હૈ.

જગદલપુરમાં કુલ ૧,૬૫૮ ઓપરેશન થયાં.

## રઘુવીર સબ ઉર અંતરયામી

તારીખ ૨૦ નવેમ્બર ૧૯૫૮. દેવદિવાળીનો પવિત્ર દિવસ. બપોરે આશરે એક-દોઢ વાગ્યાનો સમય હતો. હાથમાં રહેલાં ગુલાબ-પુષ્પોને મારીજ હથેળીની ગરમીથી બચાવવા જતનપૂર્વક પત્તામાં જાળવતી હું બોમ્બે સેન્ટ્રલ સ્ટેશનના પ્લેટફોર્મ પર આતુરતાથી અને અધીરાઈથી ટ્રેન આવવાની રાહ જોઈ રહી હતી, કારણ કે આ જ ટ્રેનમાં પરમ પૂજ્યશ્રી રણછોડદાસજી મહારાજ પધારવાના હતા. મેં સમય જોયો. ટ્રેન આવવાને હજી દસ મિનિટની વાર હતી. પ્રતીક્ષાની ઘડીઓ



કેવી વસમી હોય એ તો અનુભવી જ જાણે. બેચેની ટાળવા મેં આમ તેમ નજર ફેરવી કેટલો કોલાહલ! કેટલા બધા લોકો! સૌ પોતપોતાની રીતે પોતામાં જ વ્યસ્ત દેખાતા હતા.

અચાનક ટ્રેનની વ્હીસલ વાગી. એ અવાજમાં આસપાસની દુનિયા ડૂબી ગઈ. એન્જિન પાસે આવતું ગયું ને મારી કલ્પનામાં ધીરે ધીરે એક આકૃતિ ઊપસવા લાગી.

પૂજ્યશ્રી ડબ્બામાંથી નીચે ઊતર્યા. હું જોતી રહી!

દૂર રહ્યાય આંખો શ્રી મુખનું દર્શન કરતાં ધરાતી નહોતી. મને થયું : અહો! આ જ એ મહાપુરુષ! કેવી તેજસ્વી મુખાકૃતિ છે! પાંચ ફૂટ ત્રણ ઈંચ જેટલી ઊંચાઇ. કમરમાંથી સહેજ ઝૂકેલા એકવડો તામ્રવર્ણો દેહ ને ઘૂંટણ સુધી પહોંચતા આજાનબાહૂ. વજન માંડ ૯૦ રતલ થાય. અંગે સુતરાઉ બંડી, કમરમાં અંચળો. હાથમાં રૂમાલ ને પગમાં સ્લીપર. બધું ધવલ ને ઊજળું ઊજળું શુભ શ્વેત દંતાવલી, અવારનવાર હાસ્ય તેજે ચમકી ઊઠતી હતી. ઉજ્જવળ, બેદાગ સંતજીવનનું જ જાણે પ્રતીક, વાતાવરણમાં પ્રસન્નતા વેરતો હસતો ચહેરો, ને ચશ્માંની આરપાર દેખાતી એમની બોલતી આંખો પ્રત્યેકને પોતા પ્રત્યે ખેંચવા માટે પૂરતાં હતાં. સામાન્ય મનુષ્યના સ્મિતમાં આટલી મીઠાશ હોઇ જ ન શકે!

ભક્તજનોએ એકદમ ધસારો કર્યો.

# અવતાર

—સંતવાણી

હંમેશા સાચુ બોલનારાની યાદશક્તિ કમજોર હોય તોયે વાંધો નહિ.

જીભે મીઠાશ હોય તો ગજવામાં પૈસા ન હોય તોયે વાંધો નહીં આવે.

***કદમ અસ્થિર હોય તેને રસ્તો કદી જડતો નથી,***
***અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.***

મોતના ડરથી જીવનારા જીવનને માણી શકતા નથી.. જ્યારે જીવનને સુધારવાથી મોત આપોઆપ સુધરે છે.

વસ્ત્ર થોડા ગંદા થયા હોય તો કપડા ધોવાના સાબુથી સાફ થઈ શકે. વસ્ત્ર વધુ ગંદા થયા હોય તો સોડાખાર અને સાબુથી ધોવાની જરૂર પડે.

વસ્ત્ર વધુ ગંદા હોય, ડાઘ પડ્યા હોય તો ગરમ પાણીમાં મીઠું નાંખી સોડાખાર સાબુ તથા ધોકા મારવાની જરૂર પડે ત્યારે માંડ માંડ ઉજળા થવા પામે.

એ જ પ્રમાણે,

આપણે થોડા દુષ્ટ થઈએ તો કથા વાર્તા ઉપવાસથી સુધારો થવા પામે.

આપણે થોડા વધુ પડતા દુષ્ટ થયા હોઈએ તો કથા વાર્તા સતસંગથી માંડ માંડ સુધારો થવા પામે.

આપણામાં દુષ્ટતા વિકાર રાક્ષસીવૃત્તિ વ્યસન ગુંડા તત્ત્વના



લક્ષણ હોય તો આપણે સતસંગ અપનાવતા નથી. કથા વાર્તા ઉપવાસની તો વાત જ નહિ, ત્યારે સ્વયં ભગવાને અવતાર ધારણ કરવો પડે છે.

ભગવાન શ્રી રામ રાવણને સુધારી શક્યા નહીં, રાવણનો સંહાર કરવો પડ્યો. ભગવાન શ્રી કૃષ્ણ કંસ અને દુર્યોધનને સુધારી શક્યા નહીં, તેનો વધ કરવો પડ્યો.

હીરણ્યકશ્યપમાં સુધારો ન થતાં નૃસિંહ ભગવાને પ્રગટ થવું પડ્યું.

## વિશ્વાસ

જીવન શ્વાસથી અને પરિવાર વિશ્વાસથી ટકે છે.

***તેરે ફૂલો સે ભી પ્યાર, તેરે કાંટો સે ભી પ્યાર,***
***તૂ ચાહે સુખ દે યા દુઃખ, હમે સબકુછ હૈ સ્વીકાર.***

વૈશાખના આકરા તાપને સહન કરી વૃક્ષ ક્યારે પણ નબળુ પડતું નથી.

કોદાળીના તથા હળના ઘા ઝીલીને, ધરતીમાતા ક્યારેય કમજોર બનતી નથી.

હથોડાના ઘા ઝીલીને એરણ તૂટતી નથી, પરંતુ વધુ મજબૂત બને છે, એ જ પ્રમાણે દુઃખ અને સંકટને સહન કરવાથી માનવનું ઘડતર થાય છે.

દુઃખમાં એકલા રહેવાથી દુઃખનો વિસ્તાર થતો નથી, જ્યારે સુખમાં અનેકને સાથે રાખવાથી સુખનો વિસ્તાર થાય છે.

# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) **—શ્રી યોગેશ્વરજી**

'અવશ્ય. એના જેવી અદ્દ્ભુત આરાધના બીજી કોઈયે નથી.'

'અને એણે એક બીજો સંકલ્પ પણ કરી લીધો છે.' સુપ્રિયાએ કહ્યું : 'હજુ એણે એ મને આજે સવારે જ કહી બતાવ્યો.'

'શેનો સંકલ્પ?'

'એકલી રહેવાનો.'

'એકલી રહેવાનો?'

'હા.'

'એકલી એટલે?'

'અપરિણીતા રહેવાનો. અપરિણીતા રહીને એ આ કામ વધારે સારી રીતે કરી શકશે એવી એને ખાતરી થઈ છે. પરંતુ તું એને અપનાવવા તૈયાર થતો હોય તો એ એનો સંકલ્પનો પુનર્વિચાર કરે ખરી?'

'મેં તો એને અપનાવી જ લીધી છે.'

'ના. એમ નહીં. એની સાથે લગ્ન કરીને—એને તારી તરીકે સ્વીકારીને.'

'રાધાની એવી ઈચ્છા હોય તો એને માટે વિચાર કરવો પડે. હમણાં હમણાં મેં કશું વિચાર્યું જ નથી.'

રાધાએ લાગણીસભર સ્વરે કહ્યું :

'મારી એવી ઈચ્છા જ નથી. તારા પ્રત્યે મને જે પવિત્ર પ્રેમ છે એ શરીરસુખના સામાન્ય સંબંધથી પર છે. એટલે મારો સંકલ્પ



બરાબર છે. તેં મને સદાને સારું સ્વીકારો છો તેની મને જાણ છે. એને યાદ રાખીને હું તારા સમાજને અપનાવીશ ને સેવીશ. એથી મને શાંતિ મળશે ને મારા જીવનનો સદુપયોગ થશે.'

'તારા જીવનનો સદુપયોગ તો સદાને માટે થઈ રહ્યો છે, રાધા! એનો કદાપિ દુરુપયોગ નથી ને નથી થયો થવાનો. એવી એકે ક્ષણ નથી જ્યારે મને તારું સ્મરણ ના થતું હોય. આટલે દૂર રહીને પણ તું મને પરમપ્રેરણા પાઈ રહી છે. વૃંદાવનને છોડ્યું છે ત્યારથી તે આજ સુધી તું હંમેશા મારા હૃદયમાં, રોમેરોમમાં અને મારી આંખ આગળ રહી છે. તને કદી પણ નથી છોડી શક્યો ને નથી છોડવા માગતો. તું મારી પ્રેરણામૂર્તિ બનીને હવે મને વધારે પ્રેરણા પાતી રહેશે. મને એથી બળ મળશે.'

કૃષ્ણે થોડી વાર શાંત રહીને કહ્યું :

'રાધા, ઉપરથી જોતાં તો તું કોઈક લૌકિક કન્યા જેવી લાગે છે પણ હું તને લૌકિક નહિ, અલૌકિક માનું છું. તું લોકોત્તર છે ને તારું બધું જ અલૌકિક. વિશ્વની ધાત્રી કે વિધાત્રી જ તારા રૂપમાં પ્રકટ થઈ હોય એવું મને લાગ્યા કરે છે. આજથી નહિ, તને પહેલવહેલી જોઈ છે ત્યારથી જ એ સત્યનો અનુભવ કરું છું. માટે તો તારી તરફ દેહદૃષ્ટિથી નથી જોઈ શકતો ને નહિ જોઈ શકું. તને હું અત્યંત પવિત્ર ને પૂજ્ય માનું છું તેથી તારી સાથે શરીરસંબંધ બાંધવાનો વિચાર જ નથી કરી શકતો—ના. સ્વપ્ને પણ નહિ. તને પત્નીભાવે કદી પણ નહિ જોઈ શકું : દેવી, બ્રહ્માંડની અધિષ્ઠાત્રી તરીકે જ જોતો રહીશ. વિષયોથી વીંટળાયેલી વ્યક્તિઓને પવિત્ર અપાર્થિવ આત્મપ્રેમનો પરિચય કરાવવાના હેતુથી પ્રેરાઈને જ તું આ પૃથ્વી પર પ્રકટ થઈ હોય એવું લાગ્યા કરે છે. એ વિના આટલી ઉંમરમાં, ભરયુવાનીમાં, આવા ઉત્તમ વિચારો ના હોઈ શકે, રાધા!'

સુપ્રિયાએ જણાવ્યું :

'બરાબર છે. મારી પણ એવી જ માન્યતા છે. કેવળ માન્યતા નહિ પરંતુ અનુભવાત્મક માન્યતા. રાધા કોઇ સામાન્ય કન્યા નથી એ તો આખું વ્રજમંડળ જાણે છે.'

રાધાએ કૃષ્ણને કહ્યું :

'હું પણ તને કોઇ સાધારણ આત્મા નથી સમજતી. બ્રહ્માંડને પ્રકટ કરનારી, પાળનારી ને પોતાની અંદર સમાવનારી વિરાટ સર્વોપરી શક્તિ જ તારા રૂપમાં વિશ્વનું હિત કરવા પ્રત્યક્ષ થઇ છે એવું મને લાગ્યા કરે છે. યોગીઓ જેનું હૃદયપ્રદેશમાં ધ્યાન ધરે છે, જ્ઞાનીઓ ચિંતનમનન કરે છે, ને ભક્તો જેના સાક્ષાત્કારની આકાંક્ષાથી પ્રેરાઇને આરાધના કરે છે, તે પરમ તત્ત્વનો જ તારા રૂપમાં અવિર્ભાવ થયો હોય એવો અનુભવ મારા અંતરને થયા કરે છે. એ ભાવનાથી જ મેં તારી સાથે સ્નેહ બાંધ્યો છે ને તારું ચિંતનમનન કરવાનું ચાલુ રાખ્યું છે. આપણા સંબંધમાં લગ્નનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. કોઇ બીજાની સાથે પણ હવે મારું લગ્ન નહિ થઇ શકે. મારો આત્મા તારી સાથે સંલગ્ન જ છે—આજથી જ નહિ, દિવસોથી, મહિના કે વરસોથી, યુગોથી.'

કૃષ્ણે ઉદ્‌ગાર કાઢ્યા : એ ઉદ્‌ગાર એમના મુખમાંથી સહજ રીતે જ નીકળી પડ્યા :

'આ વખતની મારી વૃંદાવનયાત્રા સફળ થઇને યાદગાર બની ગઇ. ગમે ત્યાં જઇશ ને રહીશ તોપણ એને નહિ ભૂલી શકું.'

'તું તો હવે મથુરામાં જ રહેવાનો છે ને?'

'મથુરાની પ્રજાની સુરક્ષાના વિચારથી મારે બળરામ સાથે વચ્ચે વચ્ચે પશ્ચિમી સમુદ્રતટ પર વસાવેલી દ્વારકાપુરીમાં પણ



રહેવું પડશે. એ જરા પ્રમાણમાં વધારે દૂર છે.'

'દૂર? વધારે દૂર?' સુપ્રિયા તથા રાધા બંને લગભગ એકસાથે બોલી ઊઠી.

'હા. વધારે દૂર. પરંતુ પ્રેમને માટે કશું જ દૂર નથી હોતું. એને દેશ કે કાળનાં અંતર નથી નડતાં. ત્યાં હોઇશ તોપણ હું મનની પાંખ પર ચઢીને રોજ રોજ વૃંદાવનની યાત્રા કરતો હોઇશ ને રોજ રોજ તમને મળતો હોઇશ. મારું તન મથુરામાં કે દ્વારકામાં પણ મન તો સદા તારી જ પાસે રહેતું હશે, રાધા! એમાં કદી શંકા ના કરતી. ને જ્યારે તને અનુકૂળતા મળે કે ઇચ્છા થાય ત્યારે મારી પાસે આવી પહોંચજે. મારું તને સદાનું આમંત્રણ છે.'

'તને મળવાની ઇચ્છા તો હંમેશા રહ્યા કરે છે ને રહેશે પરંતુ મળવાનું કોઇ કારણે ના થાય તોપણ મારું મન તો સદા તને મળ્યા કરશે ને તારી પાસે રહેશે. કોઇ વાર વૃંદાવનને યાદ કરીને હું જીવું છું ત્યાં સુધી અહીં અવશ્ય આવતો રહેજે. એથી મને થોડીક શાંતિ મળશે.'

રાધાની આંખ ભરાઇ આવી. એનો કંઠ રૂંધાઇ ગયો.

કૃષ્ણે એના શરીર પર હાથ મૂકીને કહ્યું :

'રાધા! તું ખરેખર રાધા જ છે. પ્રેમની પ્રત્યક્ષ ધારા. અંતરને આટલું બધું આર્દ્ર કરીશ તો કેમ ચાલશે? હજુ તો ઘણું જીવવાનું ને કામ કરવાનું છે.'

'મને જીવનની મમતા નથી.'

'જાણું છું, તોપણ મારે માટે એને ટકાવી રાખવી પડશે. તારે લીધે જ મને જીવન જીવવા જેવું લાગે છે.' કૃષ્ણ વધારે ના બોલી શક્યા.

(ક્રમશઃ)